# ભારતનો ઈતિહાસ

ત્રણ મુખ્ય ભાગ :- 1) પ્રાચિન ભારત 2) મધ્યકાલિન ભારત 3) અર્વાચીન ભારત

## (1) પ્રાચિન ભારત :- ( હડપ્પા સંસ્કૃતિથી સમ્રાટ હર્ષવર્ધન )

A)હડપ્પા સંસ્કૃતિ, B)આર્ય સંસ્કૃતિ, C)બૌદ્ધ ધર્મ, D)જૈન ધર્મ

## A)હડપ્પા સંસ્કૃતિ ( સિંધુ સંસ્કૃતિ ) ઈ.સ પૂર્વે 3000 થી ઈ.સ પૂર્વે 1500.

- મુખ્ય જાતિ :- દ્રવિડો ( SOUTH INDIANS ),
- વ્યવસાય ;- ખેતી અને પશુપાલન,
- મુખ્ય પશું :- એક શૃંગી પશુ , ખૂંધ વાળો બળદ,
- વિશિષ્ટતા :- ગટર વ્યવસ્થા . આયોજિત નગર વ્યવસ્થા, નગરોના રસ્તા કાટખૂણે મળતા
- તેઓ શિવ-પાર્વતીની પૂજા કરતા
- તેઓ લોખંડ ધાતુથી અજાણ હતા
- સુતરાઉ કાપડ અને ઉનના વસ્ત્રોનો ઉપયોગ કરતા

હડપ્પીય સંસ્કુતિમાં મુખ્ય ત્રણ નગરો હતા

૧. હડપ્પા ૨. મોહે-જો-દડો ૩. લોથલ

| પ્રાચીન નગરનું સ્થળ | વર્ષ | પ્રાચીન નગરનું નામ | ચાવી | ઉત્ખનન કાર્ય કરનાર | કઈ નદી કિનારે |
|---|---|---|---|---|---|
| પાકિસ્તાનના સિંધ પ્રદેશમાં | 1921 | હડપ્પા | હ...સ... | રાયબહાદુર દયારામ સહાની | રાવી |
| પાકિસ્તાનના લારખાના જિલ્લામાં | 1922 | મોહે-જો-દડો | મો...ર... | રખાલ દાસ બેનર્જી | સિંધુ |
| અમદાવાદના ધોળકા તાલુકામાં | 1955 | લોથલ | લો...રાવ.... | ડૉ. એમ .આર. રાવ | ભોગાવો |

- લોથલ અને મોહેં-જો-દડો નો અર્થ થાય મરેલાનો ટેકરો
- મોહેં-જો-દડો માંથી એક વિશાળ જાહેર સ્નાનાગાર મળી આવ્યું છે
- લોથલ માંથી સોનાના મણકાની માળા, સળગાવેલી હાલતમાં યુગલ મમી અને જહાજ લાંઘરવાનો ધક્કો(ડોકયાર્ડ) મળી અવ્યા છે

### ભારતમાં હડપ્પા સંસ્કૃતિના અન્ય કેન્દ્રો

| | | | |
|---|---|---|---|
| આલમગીરપૂર ( ઉતરપ્રદેશ ) | રાપર (પંજાબ) | બનવાલી (હરિયાણા) | કાલીબંગન (રાજસ્થાન) |

કાલીબંગન ( રાજસ્થાન ) માંથી ૧૦૦૦ જેટલી યજ્ઞવેદીઓની હારમાળા મળી આવી છે.

### ગુજરાતમાં હડપ્પા સંસ્કૃતિના અન્ય કેન્દ્રો

| જિલ્લો | પ્રાચીન અવશેષ મળી આવ્યા તે સ્થળો |
|---|---|
| કચ્છ | કૂરન, ,લાખપર, ધોળાવીરા દેસલપુર, પબુમઢ, સૂરકોટડા, |
| જામનગર | લાખાબાવળ, આમરા |
| ગીરસોમનાથ | પ્રભાસ |
| સુરેન્દ્રનગર | રંગપુર |

| | |
|---|---|
| મોરબી | કુન્તાસી |
| રાજકોટ | આટકોટ, રોઝડી |
| મહેસાણા | લાઘણંજ, કોટ, પેઢામલી |
| અમદાવાદ | ધોળકા |
| સુરત | માલવણ |

**ગુજરાત માંથી સૌથી વધારે સ્થળોએથી પ્રાચીન અવશેષો મળી આવ્યા છે.**

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

## B)આર્ય સંસ્કૃતિ (ઈ.સ પૂર્વે ૨૫૦૦ થી ૧૦૦૦ વર્ષ )

- આર્યો :- ( આર્ય = વીર ) . મુળવતન :- મધ્યએશિયા
- મધ્યએશિયામાંથી હિંદકુશ પર્વત ઓળંગીને ભારત આવ્યા.
- આર્યોએ સૌ પ્રથમ સપ્ત સિંધુ પ્રદેશમાં વસવાટ કર્યો
- વિતસ્તા ( જેલમ ), શતૃદ્રી ( સતલુજ ), પુરુષ્ણી ( રાવી ), આસિકની ( ચિનાબ ), વિપાશા ( બિયાસ ), સિંધુ અને સરસ્વતિ છે

ભાગવત ધર્મ પ્રચલિત હતો . સ્વસ્તિક અને ચાંલ્લો તેમની સંસ્કૃતિ છે.
સમાજમાં સ્ત્રીઓનું સ્થાન ઊંચુ, એક પત્નિત્વની પ્રથા. કુટુંબના વડા પિતા
સાહિત્ય :- વેદો, ઉપનિષદો, આરણ્યકો, બ્રાહ્મણગ્રંથો, દર્શનશાસ્ત્રો, પૂરાણો.

| | | | | |
|---|---|---|---|---|
| વેદો :- ચાર | ૧)ઋગ્વેદ | ૨)સામવેદ | ૩)યજુર્વેદ | ૪)અથર્વવેદ |

### ➔ ઋગ્વેદ

તેમાં દેવોને રીજવવાની સ્તુતિ છે.
કુલ ૧૦૨૮ મંત્રો છે. જેમાથી સૌથી વધારે મંત્રો ભગવાન ઈન્દ્રના છે.
ગાયત્રીમંત્ર ઋગ્વેદ માંથી લીધો છે. તેમાં સૂર્યદેવની ઉપાસના છે.
ગાયત્રીમંત્રના રચયિતા :- વિશ્વામિત્ર.
સૌથી પ્રાચીન વેદ ઋગ્વેદ છે.

➔ **સામવેદ** :-ગાઈ શકાય તેવી સ્તુતિ અને આરતી છે. સંગીતની ગંગોત્રી તરેકે ઓળખાય છે.

➔ **યજુર્વેદ** :- તેમાં ધાર્મિક વિધિ અને ક્રિયાકાંડ નાં મંત્રો છે.

➔ **અથર્વવેદ** :- સૌથી અલગવેદ છે. આયુર્વેદનો ઉલ્લેખ તેમાં થયો છે.
તેમાં જાદુ,વશીકરણ, દુશ્મનોનો નાશ અને સજીવની વિદ્યા આપવામાં છે.

| |
|---|
| ઉપનિષદો :- TOTAL -૧૦૮ ઉપનિષદો છે. |

પ્રથમ ઉપનિષદ :- ઐતરેય ઉપનિષદ.
" સત્યમેવ જ્યતે" :- મુંડક ઉપનિષદમાંથી લેવામાં આવ્યું છે

| |
|---|
| સૌ પ્રથમ બ્રાહ્મણગ્રંથ - શતપથ |

| |
|---|
| પુરાણો :- કુલ :- ૧૮ . મૃત્યુજેવા પ્રસંગોમાં ગરુડ પુરાણ વંચાય. |

દર્શન શાસ્ત્રો = ૬

| | |
|---|---|
| યોગ દર્શન :- પતંજલિ | સાંખ્ય દર્શન :- કપિલમુનિ |
| ન્યાય દર્શન :- ગૌતમમુનિ | વૈશેષિક :- કણાદ |
| પૂર્વ મિમાસા :- જૈમિનિ | ઉત્તર મિમાસા :- બાદરાયન ( કુમારીલ ભટ્ટ ) |

| |
|---|
| વિષ્ણુભાગવાનનાં ૧૦ અવતાર...<br>૧) મત્સ્ય, ૨) કુર્મ, ૩)વરાહ, ૪) નૃસિંહ, ૫) વામન, ૬) પરશુરામ, ૭) રામ , ૮) કૃષ્ણ, ૯) બુધ્ધ, ૧૦) કલ્કી |

## ઉત્તર વેદકાલિન આર્યો

સમાજમાં વર્ણ વ્યવસ્થા દખલ કરી.

| | | | | |
|---|---|---|---|---|
| કર્મના આધારે ચાર વર્ણો : | બ્રાહ્મણ. | ક્ષત્રિય. | વૈશ્ય. | શુદ્ર. |

સમાજમાં આશ્રમ વ્યવસ્થા દાખલ કરી.

જીવનની ચાર અવસ્થાઓ :- બ્રહ્મચર્યાશ્રમ ( ૧ થી ૨૫ વર્ષ વિદ્યાભ્યસ )
:- ગૃહસ્થાશ્રમ ( ૨૬ થી ૫૦ વર્ષ લગ્નજીવન )
:- વાનપ્રસ્થાશ્રમ ( ૫૧ થી ૭૫ વર્ષ મોહમાયાદૂર )
:- સન્યાસ્થાશ્રમ ( ૭૬ થી ૧૦૦ વર્ષ સન્યાસી )

સાહિત્ય :- રામાયણ (વાલ્મીકી)
મહાભારત :- રચયિતા – વેદવ્યાસ. લખનાર :- ગણેશજી
ભગવત ગીતા :- વેદવ્યાસ (માતા –મત્સ્યગંધા અને પિતા -પરાશર મુનિ)
મનુસ્મૃતિ :- મનુષ્યએ પાળવાલાયક નિયમો. મનુ રાજા કાયદાના નિષ્ણાત હતા.
આ સિવાય સૂત્રાંગો અને વેદાંગો જેવા સાહિત્યની પણ રચના થઈ.
આર્યોના સમયમાં ભાગવત ધર્મ પ્રચલિત હતો . આ સિવાય, અન્ય ધર્મો પ્રત્યે પણ લોકો આકર્ષાયા.

## C)બૌદ્ધ ધર્મ

સ્થાપક :- ગૌતમ બૃદ્ધ. જન્મ :- નેપાળ સ્થિત કપિલનસ્તુના લુમ્બિની વનમાં, મૂળનામ :- સિધ્ધાર્થ ( તથાગત તરીકે પણ ઓળખાતા )
માતા- મહામાયા, પાલકમાતા- ગૌતમી, પિતા- શુદ્ધોધન(શાક્ય વંશ), પત્નિનું નામ – યશોધરા, પુત્ર –રાહુલ, સારથી- ચન્ના
ગૃહત્યાગ- 29 વર્ષે (મહાભિનિષ્ક્રમણ), પ્રથમ ઉપદેશ- સારનાથ (ધર્મચક્રપ્રનર્તન), ઉપદેશની ભાષા- પાલી, મૃત્યુ- કુશીનગર (ઉત્તરપ્રદેશ)
બૌદ્ધ ધર્મના પંથ – હિનયાન, મહાયાન અને નિયો(ડો. આંબેડકર દ્વારા શરૂ કરવામાં આવેલ)

**ધર્મ ગ્રંથ – ત્રિપિટક**

## D)જૈન ધર્મ

સ્થાપક :- મહાવીર સ્વામી. મૂળનામ :- વર્ધમાન, જન્મ : વૈશાલી (બિહાર), માતા- ત્રિશલા, પિતા- સિદ્ધાર્થ(સાત્રિક વંશ), પત્નિનું નામ – યશોદા, પુત્રી –પ્રિયદર્શના , જમાઈ – જામાલીસ
ગૃહત્યાગ- 30 વર્ષે (મહાભિનિષ્ક્રમણ), પ્રથમ ઉપદેશ- રાજગૃહ, ઉપદેશની ભાષા- પાકૃત, મૃત્યુ- પાવાપુરી (બિહાર)
બૌદ્ધ ધર્મના પંથ – શ્વેતાંબર, દિગંબર, તેરાપંથી, દેરાવાસી, સ્થાનકવાસી

**ધર્મ ગ્રંથ – આગમ, કલ્પસૂત્ર**

**24 તીર્થંકરો માં પહેલા – આદિનાથ** (ઋષભદેવ) અને 24 માં મહાવીર સ્વામી

## મગધ શાસન(ઈ.સ.પૂર્વે ૬૦૩ થી ૩૨૪)

* રાજધાની :- પાટલીપુત્ર (પટના)
મુખ્ય રાજાઓ :- બિંબિસાર » અજાતશત્રુ » શિશુનાગ » મહાપદ્માનંદ » ધનનંદ

ધનનંદ Vs ચંદ્રગુપ્ત મૌર્ય

ચંદ્રગુપ્ત મૌર્યની જીત

**મૌર્ય વંશ :-** (ઈ.સ.પૂર્વે ૬૦૦ થી ૨૦૦ વર્ષ )

* સ્થાપક :- ચંદ્રગુપ્ત મૌર્ય રાજધાની :- પાટલીપુત્ર (પટના).

### ચંદ્રગુપ્ત મૌર્ય

* ભારતનો પ્રમાણિત ઈતિહાસ ચંદ્રગુપ્ત મૌર્યના સમયથી શરૂ.
* તેણે ગ્રીક સરદાર સેલ્યુકસ નિકોતર ( સિકંદરનો સેનાપતિ ) ને હરાવ્યો હતો.
* તેના સમયમાં ગ્રીક મુસાફર મેગેસ્થનીસ ભારતની મુલાકાતે આવ્યો હતો.
  જેણે "ઈન્ડિકા" નામ નુ પુસ્તક લખ્યું.
* સૌરાષ્ટ્રના સુબા પુષ્યગુપ્તે ગિરનારમાં સુદર્શન તળાવ બંધાવ્યું
* તેના ગુરુ ચાણક્યએ "કૌટીલ્ય" નામનું અર્થશાસ્ત્રનું પુસ્તક લખ્યું ચાણક્યનું મૂળનામ :- વિષ્ણુગુપ્ત અને કૌટિલ્ય.

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

**બિંદુસાર** (ચંદ્રગુપ્ત મૌર્યનો પુત્ર)

**અશોક રાજા** :- (બિંદુસારનો પુત્ર)

મૌર્યવંશનો સૌથી પરાક્રમી રાજા.

અશોકના શિલાલેખો :-

| | |
|---|---|
| ગિરનારનો શિલાલેખ | બાર્બર (બિહારમાં) ની ટેકરીઓનો શિલાલેખ |
| સાંચીનો શિલાલેખ | નંદનગઢ – લોરિયાનો શિલાલેખ |
| સારનાથનો શિલાલેખ | |

*

સારનાથના શિલાલેખમાંથી ભારતનું રાષ્ટ્રિય ચિન્હ લીધુ છે.

* ગિરનારનો શિલાલેખ બ્રાહ્મી ( દેવનાગરી ) લિપીમાં છે.
  આ લિપી ઉકેલનાર :- જેમ્સ પ્રિન્સેપ.

આ શિલાલેખમાં ૧૪ ધર્મ આજ્ઞાઓ છે જેમાં અશોકરાજાનો ઉલ્લેખ "દેવોનાં પ્રિય(દેવનામ પ્રિય)" અને "પ્રિયદર્શી રાજા" તરીકે કરવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| કલિંગનું યુધ્ધ | ઈ.સ.પૂર્વે. ૨૬૧ | અશોક Vs કલિંગના રાજા | અશોકની જીત |

- અશોક રાજાએ કલિંગના રાજાને હરાવ્યો. આ યુધ્ધમાં ૧ લાખ લોકોના મૂત્યુ થતા અશોક

  રાજાનુ હદય પરિવર્તન થત્યં
  - પરિણામે બૌદ્ધ સાધુ ઉપગુપ્ત ના કહેવાથી બૌધ્ધ ધર્મ અંગિકાર કર્યો.
  - પુત્ર મહેન્દ્ર. પુત્રી સંગમિત્રા અને પૌત્ર સંપ્રતિને બૌદ્ધ ધર્મના ફેલાવા માટે શ્રીલંકા મોકલ્યા.
    ( શ્રીલંકાનુ જુનુ નામ .સિલોન & સિંહલદ્રિપ)

## અનુમૌર્ય કાળ [ક્ષત્રપો (શકો) નું શાસન].

- પશ્ચિમભારતમાં ૪૦૦ વર્ષ સુધી ક્ષત્રયોનું શાસન ચાલ્યું.

**રુદ્રદામા**

- શ્રેષ્ઠ ક્ષત્રપરાજા
- તેનો શિલાલેખ જૂનાગઢમાં આવેલો છે.
- તેના સુબા સુવિશાખે સુદર્શન તળાવનો જીર્ણોધ્ધાર કરાવ્યો.

**રુદ્રસિંહ ત્રીજો**

- છેલ્લો ક્ષત્રપ રજા
- તેને ચંદ્રગુપ્ત બીજાએ હરવ્યો અને ક્ષત્રપ સત્તાનો અંત આવ્યો.

| | |
|---|---|
| રુદ્રસિંહ ત્રીજો Vs ચંદ્રગુપ્ત બીજો | ચંદ્રગુપ્ત બીજાની જીત |

ચંદ્રગુપ્ત બીજાની જીત

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

# ગુપ્તવંશ( પ્રાચીન ભારતનો સુવર્ણયુગ)

આદ્યસ્થાપક :- શ્રીગુપ્ત. ભારતમાં સ્થાપક ;- ચંદ્રગુપ્ત પહેલો.
રાજધાની :- પાટલીપુત્ર પ્રચલિત ધર્મ :- ભાગવત ધર્મ.

## ચંદ્રગુપ્ત પહેલો

પોતાના નામના સિક્કા બહાર પાડ્યા હતા.

## સમુદ્રગુપ્ત

"હિંદનો નેપોલિયન" તરીકે જાણીતો .
- તેના સમયમાં ગુપ્તવંશ સૌથી શક્તિશાળી બન્યો.
- તેણે ગુપ્તવંશનો સૌથી વધુ વિસ્તાર કર્યો.
- દરબારી કવિ હરિષેણે "અલહાબાદ પ્રશસ્તી" માં તેના પરાક્રમોનું વર્ણન કર્યુ છે.

## ચંદ્રગુપ્ત બીજો

બિરુદો(ઉપનામ):- વિક્રમાદિત્ય, શકારી, શાહસાંક.
- રુદ્રસિંહને હરાવીને ક્ષત્રપ ( શક ) સત્તાનો અંત કર્યો.
- શક વિજયની યાદમાં વિક્રમ સંવત શરૂ કરાવ્યું ( ઈ.સ પૂર્વે ૫૬ વર્ષ )
- આરબ મુસાફર ફાહયાન ભારતની મુલાકાતે આવ્યો.
- દિલ્હીમાં લોહસ્તંભ બંધાવ્યો જે ધાતુકલાનો ઉત્તમ નમુનો છે.

## સ્કંદ ગુપ્ત

:- તેના સુબા પર્ણદંતે સુદર્શન પળાવનો જીર્ણોધ્ધાર કરાવ્યો. જૂનાગઢમાં શિલાલેખ બંધાવ્યો.
- સ્કંદગુપ્તના નામના સિક્કા બહાર પાડ્યા.

## કુમાર ગુપ્ત

તેના સમયમાં વિશ્વ વિખ્યાત નાલંદા. વિદ્યાપીઠનું નિર્માણ થયું

* ગુપ્તવંશ દરવ્યાન સાહિત્યનો સારો વિકાસ થતો હતો.
- ચરક = ચરકસંહિતા. આયુર્વેદાચાર્ય
- સુશ્રુત =- સુશ્રુત સંહિતા જેમા સૌ પ્રથમ વખત શસ્ત્રક્રિયનો ઉલ્લેખ છે.
- ગુપ્તવંશ દરમ્યાન કેટલીક **મહાન વ્યક્તિઓ** થઈ ગઈ.
- જગતગુરુ આદ્યશંકરાચાર્ય :- વેદોના પુનરૂધ્ધારક. તેમણે ભારતમાં ચાર મઠની સ્થાપના કરી.

| | |
|---|---|
| પૂર્વભારતમાં જગન્નાથપુરીમાં ગોવર્ધનમઠ. (ઉડીશા) | પશ્ચિમભારતના દ્વારકામાં શારકામઠ (ગુજરાત) |
| ઉત્તરભારતમાં બદ્રીનાથમાં જ્યોતિમઠ. (ઉતરાખંડ) | દક્ષિણભારતના રામેશ્વમાં શુંગેરીમઠ. (તમિલનાડુ) |

.

* **આર્યભટ્ટ** :- મહાન ગણિતશાસ્ત્રી અને ખગોળશાસ્ત્રી. શુન્ય અને દશાંસ પધ્ધતિના શોધક.
- પૃથ્વી પોતાની ધરી પર ફરે છે. તેવું સાબિત કરનાર. - આર્યભટ્ટીયનામનો ગણિતનો ગ્રંથ લખ્યો.

* **વરહમિહિર** :- જાણીતા ખગોળશસ્ત્રી.
- બૃહદસંહિતા. બૃહદજાતક. પંચસિધ્ધાંતિકા- ગ્રંથો.



ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

* ધનવંતરી :- જાણીતા વૈધ અને આયુર્વેદના રચયિતા. [તબીબ ક્ષેત્રે અપાતો ઍવોર્ડ - ધનવંતરી]
* બ્રહ્મગુપ્ત :- મહનગણિતજ્ઞ અને વૈજ્ઞાનિક. "બ્રહ્મગુપ્ત સિધ્ધાંત" નામનો ગ્રંથ લખ્યો.
* મહાકવિ કાલિદાસ :-

| |
|---|
| રઘુવંશમ્, કુમારસંભવમ્, અભિજ્ઞાન શાકુંતલમ્, મેઘદૂતમ્, ઋતુસંહાર, વિક્રમોર્વશિયમ્, માલવિકાગ્નિમિત્રમ્ |

* ગુપ્તવંશમાં શાંતિસુખાકારી અને વૈભવમાં ખૂબ વધારો થયો હોવાથી તેને પ્રાચિનભારતનો **સુવર્ણયુગ** કહે છે.

* પુષ્યભુતિ વંશનો મહાનરાજા સમ્રાટ હર્ષવર્ધન :-

- પ્રાચીનભારતનો છેલ્લો મહાન રાજા. રાજધાની :- કનોર.
  - તે એક સારા કવિ હતા.
  - નાગનંદ, રત્નાવલી અને પ્રિયદર્શિકા જેવી કૃતિઓ લખી.
  - તેના સમયમાં ચીની મુસાફર હયુ-એન-ત્સંગ ભારતની મુલાકાતે આવ્યો હતો.
  - મહાકવિ મયુર અને મહાપંડિત જ્યસેન થઈ ગયા.
  - તેના દરબારી કવિ બાણભટ્ટ હતા જેમણે

| |
|---|
| કાદંબરી, હર્ષચરિત અને ચંડીશતક |

જેવી કૃતિઓની રચના કરી.

પ્રાચીન ભારતીય ઈતિહાસનો અંત અને મધ્યકાલિન ભારતનો ઈતિહાસ શરૂ થયો તે સમયના ભારતના રાજ્યો

ગુર્જર પ્રતિહારો :- માળવા ( રાજસ્તાન )

સોલંકીયુગ :- ગુજરાત ( અણહિલપુર પાટણ )

પરમારો :- માળવા ( રાજસ્તાન )

રાષ્ટ્રકુટો :- ઔરંગાબાદ ( મહારાષ્ટ )
- સ્થાપક :- દંતીદૂર્ગ
- કૃષ્ણપહેલાએ ઈલોરામાં એકજ પથ્થરમાંથી કૈલાસ મંદિર બનાવ્યું

* દક્ષિણ ભારતમાં :-
- પાંડવવંશ :- ચેન્નાઈમાં આવેલા મદુરાઈનું પ્રખ્યાત મીનાક્ષી મંદિર તેમના સમયમાં બંધાવ્યુ હતું.
- ચૌલવંશ :- નટરાજની કાંસાની ભવ્ય મૂર્તિ
  રાજ રાજ પહેલો :- તાંજોરમાં બૃહદેશ્વરનું રાજરાજેશ્વર મંદિર બધાવ્યું
- પલ્લવ વંશ :- નરસિંહવર્મન પહેલો. મહાબલિપુરમ નામનું નગર વસાવ્યું
- બુંદેલ ખંદના ચંડલો :- તેમના સમયમાં મહારાષ્ટમાં ખજુરાવોના મંદિરો બંધાવ્યા.

૧૩ મી સદીમાં વિજ્યનગરનું સામ્રાજ્ય :-
-સ્થાપક :- હરિહરરાય અને બુક્કારાય.
- વિજ્યનગરનો સૌથી મહાનરાજા :- કૃષ્ણદેવરાય.

ચૌહાણો :- દિલ્હી અને અજમેર ( રાજસ્તાન )
- પૃથ્વીરાજ ચૌહાણ ;- તરાઈના બે યુધ્ધ કર્યા.

| | | | |
|---|---|---|---|
| તરાઈનું પ્રથમ યુધ્ધ | ૧૧૯૧ | પૃથ્વીરાજ ચૌહાણ મહંમદ ઘોરીની | પૃથ્વીરાજ ચૌહાણની જીત |

- તરાઈનું પ્રથમ યુધ્ધ ૧૧૯૧માં થયું જેમાં પૃથ્વીરાજ ચૌહાણની જીત અને મહંમદ ઘોરીની હાર થઈ.

| | | | |
|---|---|---|---|
| તરાઈનું બીજુ યુધ્ધ | ૧૧૯૨ | પૃથ્વીરાજ ચૌહાણ મહંમદ ઘોરીની | મહંમદ ઘોરીની જીત |

- તરાઈન બીજુ યુધ્ધ ૧૧૯૨માં થયું હતું જેમાં મહંમદઘોરીની જીત થઈ અને પૃથ્વીરાજ ચૌહાણનુ મૃત્યુ થયું

* પ્રાચીન ભારતીય ઈતિહાસનો અંત અને મધ્યકાલિન ભારતનો ઈતિહાસ શરૂ :-



ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

# મધ્યકાલિન ભારત

## 1) ગુલામવંશ

ભારતમાં સલ્તનતકાળનો સ્થાપક : **કુતુબુદીન ઐબક**

- તે મહંમદઘોરીનો ગુલામ હતો અને મહંમદઘોરીની પુત્રી સાથે લગ્ન કર્યા.
- પોતાના ગુરુ ખ્વાજા કુતુબુદીન બખ્તીયારની યાદમાં દિલ્હીમાં કુતુબમિનાર બંધાવ્યો. પરંતુ એકમાળના બાંધકામ બાદ મૃત્યુ પામ્યો. ચોગાન રમતી વખતે ઘોડા પરથી પડીજતા મૃત્યુ પામ્યો.
- લાખોનું દાન કરતો હોવાથી "લાખબક્ષ' નું બિરુદ પામ્યો.

### સમસુદીન ઈલ્તુતમીશ : (અલ્તમશ)

- કુતુબુંદીન ઐબકનો ગુલામ અને ત્યાર બાદ જમાઈ બન્યો.
- કુતુબમીનારનું બાંધકામ પૂરૂ કરાવ્યું.
-ભારતમાં પ્રથમ વાર ચાંદી અને તાંબાના અરબી સિક્કા ચલણમાં મુક્યા
- તેના સમયમાં મુગલ ચંગિસ્તાને ભારત પર આક્રમણ કર્યુ હતુ.
- તેના મૃત્યુબાદ તેનો પુત્ર રુકનુદ્દિન, ગાદીપર બેઠો જે ખૂબ વિલાસી હોવાથી સરદારોએ તેને પદભ્રષ્ટ કરીને તેની બહેન રઝિયા સુલતાનાને ગાદીપર બેસાડી.
- **રઝિયા સુલતાના ભારતની પ્રથમ સ્ત્રી રાજકર્તા બની**

### કૈકોબાદ

[ગુલામવંશના છેલ્લા રાજા]

## 2) ખિલજી વંશ (સ્થાપક – જલાલુદીન ખીલજી)

### જલાલુદીન ખીલજી

- ગુલામવંશના છેલ્લા રાજા કૈકોબાદને તેના મંત્રી જલાલુદીન ખીલજીએ મારી નાખીને ખિલજીવંશની સ્થાપના કરી

### અલાઉદીન ખિલજી

- તે જલાલુદીન ખિલજીનો ભત્રીજો અને જમાઈ હતો .
- તેણે જલાલુદીન ખિલજીનું ખૂન કરી ગાદી મેળવી હતી.
- બજારની ચીજવસ્તુઓનું ભાવનિયમન અને વેપારમાં તોલમાપના સુધારા કરાવ્યા.
- તેના સમયમાં જાસુસીતંત્ર ખૂબજ વિકસિત અને ફેલાયેલું હતું .
  ઘોડા પર ડાઈ લગાવવાની પ્રથા શરૂ કરી.
- કર્ણદેવ વાઘેલાના મંત્રી માધવે તેને ગુજરાત જીતવા આમંત્રણ આપ્યું હતું. પરિણામે કર્ણદેવ વાઘેલાને હરાવીને ગુજરાત પર જીત મેળવી.
- અલાઉદીન ખીલજી સાથે ફારસી કવિ "અમીર ખુશરો" ભારત આવ્યા. તે શાયર, ગાયક, લેખક , સંગીતજ્ઞ, અને ઈતિહાસકાર હતા, તેમણે સિતાર નામના તંતુવાદ્યની શોધ કરી હતી.
- અલાઉદીન ખિલજીએ ચિતોડના રાજા રતન સિંહની રાણી પદમીનીથી આકર્ષાઈને ચિતોડ પર હુમલો કર્યો ત્યારે હજારો રાણીઓએ અગ્નિસ્નાન [જોહર] કર્યુ હતું,

## 3) તુઘલક વંશ

(સ્થાપક – ગ્યાસુદીન તુઘલક )

### મહંમદ બિનતુઘલક - મૂળનામ (જોનાખાન)

- દિલ્હી સલ્તનતનો તરંગી સુલતાન.
- પોતાની રાજધાની દિલ્હીથી દોલતાબાદ ખસાડી.
- તેના સમયમાં આરબ મુસાફર **ઈબ્નબતુતા** ભારત આવ્યો હતો.
- ટપાલ પધ્ધતિમા સુધારા કરાવ્યા.

### ફિરોઝશાહ તુઘલક

- મહંમદ બિનતુઘલકનો પિતરાઈ ભાઈ હતો.
- ફિરોઝપુર ફિરોઝાબાદ, ફિરોઝ, જોનપુર અને હિસાર નામનાં પાંચ નગરો વસાવ્યા જે હાલ યુ.પી. માં આવેલા છે.

### નસિરુદીન તુઘલક

( છેલ્લો તુઘલક રાજા).

અફઘાનના મોંગલ સરદાર **તૈમુરલંગે** ૧૩૯૮ માં આક્રમણ કર્યું.

## 4) સૈયદવંશ

(સ્થાપક – ખિજર ખાં)

## 5) લોદીવંશ

( સ્થાપક – બહુલોલ લોદી.)

### સિકંદર લોદી

– યમુના નજીક આગ્રાશહેર વાસાવ્યું
- સૌ પ્રથમ વાર જમીનની માપણી માટે “ સિકંદરી ગજ” શરૂ
- “ગુલરૂકહ” નામની કવિતાઓ લખી.

### ઈબ્રાહીમ લોદી

લોદી વંશનો છેલ્લો રાજા.

| | | | |
|---|---|---|---|
| પાણીપતનું યુદ્ધ | ૧૫૨૬ | ઈબ્રાહિમ લોદી – Vs બાબર | બાબરની જીત |

- ૧૫૨૬ માં બાબર અને ઈબ્રાહિમ લોદી વચ્ચે પાણીપતનું યુદ્ધ થયું જેમાં બાબરની જીત થતા ભારતમાં મુઘલસત્તાની સ્થાપના થઈ

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

# 6)મુઘલ વંશ

સ્થાપક = બાબર

## બાબર

- ૧૫૨૬માં ઈબ્રાહિમ લોદીને હરાવીને મુઘલવંશની સ્થાપના કરી.

૧૫૨૭ માં બાબર અને રાણાસંગ્રામસિંહ (રાણાસંગ) વચ્ચે ખાનવાનું યુંધ્ધ થયું જેમાં બાબરની જીત થઈ

| | | | |
|---|---|---|---|
| ખાનવાનું યુધ્ધ | ૧૫૨૭ | બાબર Vs રાણાસંગ્રામસિંહ (રાણાસંગ) | બાબરની જીત |

- ૧૫૨૯ માં બાબર અને અફઘાનના સરદારો વચ્ચે ગોગાનું યુધ્ધ થયું. જેમાં બાબરની જીત થઈ.,

| | | | |
|---|---|---|---|
| ગોગ્રાનું યુધ્ધ | ૧૫૨૯ | બાબર Vs અફઘાનના સરદારો | બાબરની જીત |

- ૧૫૩૦ તેનું મૃત્યુ થયુ અને આગ્રાનજીક આરામબાગમાં દફનાવાયો. પાછળથી તેને કાબૂલમાં દફનાવ્યો.
- બાબરની આત્મકથા = તુઝુક એ બાબરી / બાબરીનામા. (તુર્કીભાષામાં છે)

## હુમાયુ (બાબરનો પુત્ર)

(હુમાયુ = ભાગ્યશાળી) .

- બેગમનું નામ – ગુલબદન. બીજી બેગમ – હમીદાબાનું (અકબરની માતા)
- ૧૫૫૬ માં પુસ્તકાલયની સીડી પરથી પડી જતા મૃત્યુ થયું.
- હુમાયુની આત્મકથા તેની બેગમ ગુલબદને લખી.
  - ⇨ ચૌસાનું યુધ્ધ = હુમાયુ અને અફઘાન સરદાર શેરશાહસુરી વચ્ચે જેમાં હુમાયુની હાર થઈ.

| | | | |
|---|---|---|---|
| ચૌસાનું યુધ્ધ | | હુમાયુ Vs અફઘાન સરદાર(શેરશાહસુરી) | શેરશાહસુરીની જીત |

⇨

- શેરખાને દિલ્હીની ગાદી પર સૂરવંસની સ્થાપના કરી. તેના સમયમાં તાર – ટપાલ અને તોલમાપમાં સુધારા થયા. કલકત્તાથી પેશાવર સુધી ગ્રાન્ટ ટ્રન્ક રોડ બંધાવ્યો.

## અકબર (હુમાયુનો પુત્ર)

- મૂળનામ – મહંમદ જલાલુદીન અકબર , માતા- હમીદાબાનું — જન્મ – અમરકોટના કિલ્લામાં (રાજસ્થાનના મેવાળમાં)
- મુઘલવંશનો નિરક્ષર રાજા. — ૧૩ વર્ષ ની ઉંમરે કાલાનોર કિલ્લામાં રાજ્યભિષેક
- બૈરમ ખા અકબરને તેના બાલ્યાકાળમાં વહિવટમાં મદદ કરતા.
- તેના સમયમાં બધો વહિવટ મહામાંગા(પાલકમાતા) ના નામે ચાલતો હતો.
- "દિને ઈલાહી" નામના ધર્મની સ્થાપના કરી. આ ધર્મનો સ્વીકાર સૌ પ્રથમ બિરબલે કર્યો હતો.
- જયયુરના રજપુત રાજા ભારામલની પુત્રી જોધાબાઈ સાથે લગ્નકર્યા.
- પોતાના શાસનમાં હિંદુઓને ઉચ્ચ દરજ્જો આપ્યો.
- તેના મહેસુલમંત્રી ટોડરમલે ભારતમાં જમીનની જાત મુજબ જકાત લેવાની પધ્ધતિ દાખલ કરી.

| | |
|---|---|
| અકબર Vs મુઝફરશાહ ત્રીજો | અકબરની જીત |

-
- અકબરે ગુજરાતના રાજા મુઝફરશાહ ત્રીજાને હરાવ્યો અને ગુજરાત વિજયની યાદમાં ફતેહપુર સીક્રિમાં બુલંદ દરવાજો બંધાવ્યો. જે વિશ્વનો સૌથી મોટો દરવાજો છે.

- > અકબરના દરબારમાં નવ રત્નો હતા,.
- ૧, બિરબલ – મૂળનામ = મહેશદાસ ( હિંદુ હતા ) ૨, ટોડરમલ – મેહસૂલમંત્રી
- ૩, તાનસેન – ઉચ્ચકક્ષાનો ગાયક. ૪, મુલ્લા દો પ્યાજા – રમુજ પ્રવૃતિ માટે જાણીતો
- ૫, ફૈઝી – સેનામા હતો. ૬, અબુલ ફઝલ – મહાન ઈતિહાસકાર.
- ૭, અબ્દુલ રહિમ ખાને ખાં ૮, હમીમ હમામ. ૯, રાજા માનસિંહ

| | | | |
|---|---|---|---|
| પાણીપતનું બીજુ યુધ્ધ | ૧૫૫૬ | અકબર Vs હેમુ | અકબરની જીત |

- ➔ ૧૫૫૬ માં અકબર અને આદિલશાહના સિનાપતિ હેમુ વચ્ચે પાણીપતનું બીજુ યુધ્ધ થયું જેમા હેમુ ની હાર થઈ.
- ➔ ૧૫૭૬ માં અકબર અને મહારાણા પ્રતાપ વચ્ચે હલ્દીઘાટીનું યુધ્ધ થયું જેમાં અકબરની જીત થઈ.

| | | | |
|---|---|---|---|
| હલ્દીઘાટીનું યુધ્ધ | ૧૫૭૬ | અકબર Vs મહારાણા પ્રતાપ | અકબરની જીત |

- ➔ ૧૯૦૫ માં સિકંદરાબાદમાં મરડાના રોગથી મૃત્યુ થયું
- ➔ અબુલ ફઝલે અકબરની આત્મકથાનું પુસ્તક "<u>અકબરનામા</u>" અને "<u>આયને અકબરી</u> " લખ્યું છે.
- ➔ બીજાપુરના રાજ્ય અહમદનગરની સુલતાના <u>ચાંદબીબી</u>એ અકબરની મુઘલ સૈન્યનો વીરતા પૂર્વક સામનો કર્યો હતો.

## જહાંગીર (મૂળનામ – સલીમ)

બેગમ – નૂરજહાં (મૂળનામ – મહેરુન્નીસા).

- અંગ્રેજ પ્રતિનિધિ <u>સર ટોમસરોને</u> ભારતમાં વેપાર કરવાની પરવાનગી આપી.
- કાશ્મીરમાં શાલીમારબાગ બંધાવ્યો. શીખોના ગુરુ <u>અર્જુનદેવ(5 માં)</u>ની હત્યા કરાવી.
- અકબરની વિશ્વાસુ અબુલફઝલનું ખુન કરાવ્યું ૧૬૨૨ માં શાહજહાંએ તેનું ખૂન કરાવ્યું
- તેની આત્મકથા "<u>તુઝુક એ જહાંગીરી</u>" ફારસી ભાષામાં છે

## શાહજહાં (મૂળનામ કુર્રમ)

- પ્રિન્સ ઓફ બિલ્ડર તરીકે ઓળખાતો.
- આગ્રામાં બેગમ મુમતાઝમહલની યાદમાં સંગેમરમરનો <u>તાજમહેલ</u> બંધાવ્યો.
- દિલ્હીમાં લાલ કિલ્લો , પુરાણો કિલ્લો , દિવાનેઆમ , દિવાનેખાસ અને મુસ્લિમો ની સૌથી મોટી એવી જામા મસ્જિદ બંધાવી.
- અમદાવાદમાં શાહીબાગમહલ અને આગ્રામાં મોતી મસ્જિદ બંધાવી.
- ૭ કરોડના ખર્ચે હિરા, મોતી, માણેક, નિલમ જડેલુ <u>મયુરાસન</u> બનાવ્યું જેને ઈરાનનો <u>નાદિરશાહ</u> લઈ ગયો.

## ઔરંગઝેબ (શાહજહાંનો પુત્ર).

- પિતા શાહજહાંને કેદ કરી , ભાઈઓને મારી નાખીને ગાદીએ બેઠો.
- ધર્મ જનૂની સુન્ની મુસલમાન, વ્યસનોથી દુર રહેતો
- તે રાજ્યની મિલકતને પવિત્ર માનતો અને પોતાનું ગુજરાન ટોપીઓ સીવીને ચલાવતો
- હિંદુઓને પાપીઓ કહેતો. હોળી દીવાળી જેવા તહેવારો તેમજ પારસીઓના નવરોઝ જેવા તહેવારોની ઊજવણી પર પ્રતિબંધ મૂક્યો.
- શીખોના ગુરુ <u>તેગબહાદુર(9 માં)</u> ની હત્યા કરાવી (મુસ્લીમ ધર્મ અંગીકાર ન કરવા બદલ)
- અકબરના સમયમાં શરૂ થયેલી જમીનની જાત મુજબ જકાત લેવાની પધ્ધતિ બંધ કરાવી , એક સરખી જકાત પધ્ધતિ દાખલ કરી.
- તેના સમયમાં સુરત "<u>મક્કાનું પ્રવેશદ્વાર</u>" ગણાતું અને શિવાજીએ ૧૬૬૪ અને ૧૬૭૦ માં એમ બે વાર સુરત લૂંટ્યું.
- યાત્રાવેરો અને જજિયાવેરો શરૂ કરાવ્યો.
- <u>ફ્રેન્ચોને ભારતમાં વેપાર કરવાની પરવાનગી આપી.</u>
- ૧૭૦૭ માં મૃત્યુ. દોલતાબદમાં દફનાવાયો

## બાહાદુર શાહ ઝફર

ભારતમાં મુઘલ સલ્તનતનો છેલ્લો રાજા (બાહાદુર શાહ ઝફર ) ત્યાર બાદ ભારતમાં બ્રિટિશ યુગની શરૂઆત થઈ.



ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

# ▪ આધુનિક ભારતનો ઈતિહાસ

## યુરોપિયન પ્રજાનું ભારતમાં આગમન

- ઈ.સ. 1453 માં ઓટોમન તુર્કોએ કોન્સ્ટેન્ટિનોપલ (ઈસ્તંબૂલ) જીતી લીધું. જેથી જમીન માર્ગે થતો વેપાર જોખમાયો અને નવો જળમાર્ગ શોધવાની ફરજપાડી.
- ઈ.સ. 1492 માં ક્રિસ્ટોફર કોલંબસ ભારત શોધવા નીકળ્યો પરંતુ તેણે અમેરિકા ખંડ અને વેસ્ટ ઈન્ડિઝના ટાપુઓની શોધ કરી.
- બાર્થોલોમ્યુ ડાયઝે કેપ ઓફ ગુડ હોપ (કેપ્ટાઉન)ની શોધ કરી
- ઈ.સ. 1498ના મે મહિનાની 20મી તારીખે પાર્ટુગલ નાવિક વાસ્કોદ-ડી-ગામાએ ભારત આવવાનો જળમાર્ગ શોધ્યો, અને ભારતમાં તે સૌ પ્રથમ કાલીકટ બંદરે ઉતર્યો ત્યાં ઝામોરિન નમનો હિન્દુ રાજા રાજ કરતો હતો. ( મદદ કરનાર ખલાસી અહમદ ઈબ્ન મજીદ)
- ભારતમાં સૌ પ્રથમ પાર્ટુગીઝો, ત્યારબાદ હોલેન્ડના ડચ લોકો(1610) (વલંદાઓ) તે પછી બ્રિટનના અંગ્રેજો(1613) અને અંતે ફ્રેન્ચો(1668) આવ્યા.(P D E F)
- ૧૬૦૦ માં ઈંગલેન્ડમાં બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના થઈ રાણી એલીઝાબેથ-1 ના સમયમાં.
- 1608માં હેકટર નામના જહાજમાં અંગ્રેજ અધિકારી સર હોકિન્સન સુરત બંદરે ઉતર્યો. તેણે જહાંગીર પાસે સુરતમાં વેપારી મથક સ્થાપવા પરવાનગી માંગી. પરંતુ જહાંગીરના દરબારમાં રહેલ ફિરંગી પ્રતિનિધિઓએ વિરોધ કરતા જહાંગીરે પરવાનગી આપી નહિં, પરંતુ નિરાશ થયા વિના અંગ્રેજોએ પ્રયત્ન ચાલુ રાખ્યા.
- ૧૬૧૩ માં આ કંપનીનું એક દળ ભારત આવ્યું, આ દળના એક પ્રતિનિધી સર ટોમસ રો એ જહાંગીર પાસે વેપાર કરવાની પરવાનગી માંગી.
- પરિણામે ૧૬૧૩માં સુરત અને ૧૬૧૬ માં ભરૂચ ખાતે વેપારની કોઠીઓ સ્થાપી.
- મુખ્ય વેપાર કાસિમ બજાર (બંગાળમાં)
- અંગ્રેજોએ દક્ષિણમાં પોતાનું પ્રથમ વેપારી મથક દક્ષિણ પૂર્વ સમુદ્રતટ પર માછલીપટ્ટનમમાં સ્થાપિત કર્યું.
- ઈ.સ. 1698 માં અંગ્રેજોએ ફોર્ટ વિલિયમ (કોલકત્તા)ની સ્થાપના કરી. તેના સ્થાપક જોબ ચારનેક હતા.

| | | | |
|---|---|---|---|
| પ્લાસીનું યુદ્ધ | ઈ.સ.1757 માં 23 જૂનના દિવસે | સિરાજ-ઉદ-દૌલા Vs રોબર્ટ કલાઈવ | રોબર્ટ કલાઈવની જીત |

- મીરજાફરને બંગાળનો નવાબ બનાવવામાં આવ્યો. સિરાજ- ઉદ-દૌલાનું લશ્કર 50,000 સામે અંગ્રેજો 800 + 2200 = 3000. કેટલાક કલાકોમાં જ યુદ્ધ સમાપ્ત થયું. અંગ્રેજોએ સત્તાનો પાયો નાખ્યો.

| | | | |
|---|---|---|---|
| બક્સરનું યુદ્ધ | ઈ.સ. 1764 | મીરકાસીમ, શાહ આલમ અને અવધ નવાબ સુજા ઉદ દૌલા Vs અંગ્રેજો (હેકટર મુનરો) | અંગ્રેજોની જીત |

- મીરકાસીમ, ઔધનો રાજા અને મુઘલરાજા શાહ આલમની સંયુક્તસેના અને અંગ્રેજો વચ્ચે યુધ્ધ થયું જેમાં અંગ્રેજોની જીત થઈ.
- ભારતમાં સૌ પ્રથમ બંગાળમાં ગવર્નર બનનાર અંગ્રેજ રોબર્ટ કલાઈવ.

### • વોરન હેસ્ટિંગ(1764-1785)

- રોબર્ટ કલાઈવ શરૂ કરેલી દ્વિમુખી શાસન પધ્ધતિ બંધ કરાવી.
- દિવાની અને ફોજદારી અદાલતો બનાવી.
- ભારતની પ્રથમ હાઈકોર્ટ બંગાળના કલકત્તામાં 1772 માં શરૂ થઈ.
- બીજો મૈસુર વિગ્રહ(1780-84) હૈદર અલીનું મૃત્યુ.

### • લોર્ડ કોર્નવોલિસ. (1785-1793,1805)

- બંગાળમાં કાયમી જમાબંધી શરૂ કરાવી
- "કોર્નવોલિસે કોડ" નામનું કાયદાનું પુસ્તક તૈયાર કરાવ્યું

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

- પોલિસના પગાર ધોરણ અને તેમને કાયમી કરવાની શરૂઆત કરાવી.
- કલેક્ટર અને જિલ્લા રાજીસ્ટ્રારના પદ શરૂ કરાવ્યા.
- ત્રીજો મૈસુર વિગ્રહ(1790-92) અંગ્રેજો અને ટીપુ સુલતાન વચ્ચે શ્રી રંગપટ્ટનમની સંધિ થઈ.

## લોર્ડ વેલેસ્લી (1798-1805)

- સહાયકારી યોજનાનો જનક.
- સૌપ્રથમ હૈદરાબાદ પછી ક્રમશ: અવધ, પેશવા, ગાયકવાડ, સિંધિયા, ભોસલે અને હોલકર પાસે સહાયકારી યોજનાનો સ્વીકાર કરાવ્યો હતો.
- ચોથો મૈસુર વિગ્રહ(1799) ટીપુ સુલ્તાનની હત્યા.

## લોર્ડ હેસ્ટિંગ્સ(1813-1823)

- ત્રીજા મરાઠા વિગ્રહામં મરાઠાઓની હાર થઈ પરિણામે અંગ્રેજોનું કંપનીશાસન વધુ મજબુત થયું.

## લોર્ડ વિલિયમ બેન્ટીક(1828-1835)

- ભારતનો પ્રથમ ગવર્નર જનરલ. સુધારાવાદી ગવર્નર જનરલ તરીકે ઓળખાય છે.
- રાજારામ મોહનરાયની મદદથી સતીપ્રથા(1829) તેમજ બાળકીને દુધ પીતી કરવાનો કુરીવાજ નાબુદ કર્યો.
- માનવબલીની પ્રથા પર પ્રતિબંધ મૂક્યો. ગુલામી પ્રથા નાબુદ કરાવી.

## લોર્ડ ડેલહાઉસી(1848-1856)

- ખાલસાનીતિ અમલમાં મૂકી. સર્વ પ્રથમ સતારા 1848 માં ખાલસા કર્યું.
- ઈ.સ.1853 માં મુંબઈ અને થાણે વચ્ચે રેલસેવા શરૂ કરાવી. જેનું અંતર 35 કિમી (22 માઈલ) હતું.
- તાર અને ટપાલ સેવા શરૂ કરાવી. (1853) સૌ પ્રથમ તાર કોલકતા અને આગ્રા વચ્ચે.

## લોર્ડ મેકોલે

- ભારતમાં અંગ્રેજી શિક્ષણ શરૂ કરાવ્યું

## ૧૮૫૭ નો વિપ્લવ

- ભારતનો પ્રથમ સ્વતંત્રતા સંગ્રામ
- વિપ્લવની શરૂઆત મેરઠમાં બરાકપુરની છાવણીમાં થઈ.
- મંગલપાંડે ભારતનો પ્રથમ શહિદ. (21 માર્ચના રોજ ધરપકડ થઈ અને 8 એપ્રિલના રોજ ફાંસી આપી દેવામાં આવી.)

### રાજનૈતિક કારણો:

- વેલેસ્લીની સહાયકારી યોજના, ડેલહાઉસીની ખાલસાનીતિથી પોતાને થયેલ અન્યાયોને કારણએ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, જાગીરદાર કુંવરસિંહ, નાનાસાહેબ પેશવાએ આગેવાની લીધી.

### આર્થિક કારણો:

- કોર્નવોલિસની કાયમી જમાબંધી અને મુનરોની રૈયતવારી પદ્ધતિના લીધે જમીનદારો અને ખેડૂતો બરબાદ થઈ ગયા.
- ભારતમાંથી ધનનું સતત નિષ્કાસન, હસ્તશિલ્પ અને કુટીરૌધોગોનો વિનાશ વગેરે.

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

## ધાર્મિક કારણો :

- ઈસાઈ ધર્મ પ્રચારકોને કંપની દ્વારા પ્રોત્સાહન અને ભારતીયો તથા ધર્મ પ્રત્યે તિરસ્કારભર્યો વ્યવહાર, ઈસાઈ ધર્મ સ્વીકારનારને પોતાની પૈતૃક સંપતિમાંથી હિસ્સો મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી.

## સામાજિક કારણો:

- કેટલીક ભારતીય કુપ્રથાઓ જેવી કે સતીપ્રથા, બાળવિવાહ, બહુપત્નીત્વ, દીકરીને દૂધપીતી કરવી, અસ્પૃશ્યતા વગેરેને અંગ્રેજોએ કાયદાનું સ્વરૂપ આપીને નાબૂદ કરી હતી. તેથી રૂઢિચુસ્ત લોકોમાં અસંતોષ પેદા થયો હતો.
- ભારતીય ભાષા, સંસ્કૃતિ, ઈતિહાસ તરફ ઉપેક્ષા રખાઈ હતી.

## લશ્કરી કરણો:

- હિંદી સિપાઈઓની બઢતીની તકો ઘણી મર્યાદિત હતી.(સૂબેદાર સુધી) હિંદી અને અંગ્રેજી સિપાઈના પગાર વચ્ચે ઘણો મોટો તફાવત હતો. અંગેજોનો પગાર 150 સામે ભારતીયને 7 રૂપિયા. જ્યારે પ્રમાણ 7:1 હતું.
- અંગ્રેજ અફસરો હિંદી સિપાઈઓને હલકા અને તુચ્છ સમજતા હતા. તે યુગમાં ભારતીયો માટે સમુદ્રનું પાણી ઓળંગવાની મનાઈ હતી. તેનું પાલન ન કરનારને જ્ઞાતિ બહાર મૂકવામાં આવતા. છતાં સિપાઈઓને ફરજીયાત વિદેશોમાં બ્રિટિશ યુદ્ધો માટે મોકલવામાં આવતા હતા.

## અન્ય કારણ:

- ભારતીયોને એવું લાગતુ કે અંગ્રેજશાસન 100 વર્ષ ચાલશે. ઈ.સ.1757ના પ્લાસીના યુદ્ધથી સત્તા હસ્તગત કરી જેના 100 વર્ષ ઈ.સ.1857માં પૂરા થતા હોવાથી લોકોએ વિદ્રોહ કર્યો.

## તાત્કાલિક કારણ:

- જાન્યુઆરી 1857માં લશ્કરમાં બ્રાઉન બેસનની એનફિલ્ડ રાઈફલ દાખલ કરવામાં આવી. જેમાં ગાય અને ડુક્કરની ચરબી લગાવેલી હતી. આ કારતૂસ વાપરતી વખતે દાંત વડે તોડવી પડતી. ધાર્મિક દ્રષ્ટિએ ગાય અને ડુક્કરનું માંસ ખાવાની મનાઈ હોવાથી અનુક્રમે હિન્દુ અને મુસ્લિમ સૈનિકોની ધાર્મિક લાગણી દુભાઈ.
- 21મી માર્ચ 1857ના દિવસે મંગલપાંડે નામના સૈનિકે કારતૂસનો બહિષ્કાર કર્યો અને અંગ્રેજ અધિકારીને ગોળીથી ઘાયલ કર્યો. 8મી એપ્રીલ 1857ના દિવસે તેને ફાંસી આપવામાં આવી હતી. ***આથી મંગલપાંડે 1857ના વિપ્લવનો પ્રથમ શહીદ બન્યો.***
- 10મે 1857ના દિવસે મેરઠમાં હિંદી સૈનિકોએ કારતૂસનો ઉપયોગ કરવાનો વિરોધ કર્યો અને 1857ના વિપ્લવની શરૂઆત થઈ.

## સંગ્રામના મુખ્ય બનાવો:

- 11મી મે 1857ના રોજ મેરઠના સૈનિકો દિલ્હી પહોંચ્યા અને બહાદુરશાહ ઝફરે દિલ્હીથી નેતૃત્વ લીધું. જેની સામે નિકોલસન અને હોડસન અંગ્રેજ સેનાપતિ હતા. બહાદુરશાહનો પરાજય થતાં તેને પકડીને તેના ઉપર ગુનો દાખલ કરવામાં આવ્યો તથા તેમને રંગુન (બર્મા) માં કેદ રાખવામાં આવ્યા.
- કાનપુરમાં બાજીરાવ બીજાના દત્તક પુત્ર ધોંડું પંડીત કે જે નાનાસાહેબ પેશવા તરીકે ઓળખાતા તેમણે નેતૃત્વ લીધું. તેની સાથે તાત્યોટોપે હતા. તેમનો પરાજય થતાં તેઓ નેપાળ નાસી ગયાં. તાત્યટોપે ગુજરાતમાં પંચમહાલના જંગલમાં કેટલાક દિવસો રહેલો અંતે ફાંસીની સજા આપવામાં આવેલી.
- ઝાંસીથી રાણી લક્ષ્મીબાઈએ નેતૃત્વ લીધું, જે ગંગાધર રાવની પત્ની હતી. ગંગાધર રાવના મૃત્યુ બાદ આનંદરાવને દત્તક લીધો અને ગાદીએ બેસાડ્યો હતો. અંગ્રેજોએ આ અધિકાર અમાન્ય ઠેરાવ્યો હતો. તેમની વિરૂદ્ધ અંગ્રેજ સેનાપતિ હ્યુરોજ હતા.
- લક્ષ્મીબાઈ અને તાત્યાટોપેએ એક સમયે ગ્વાલિયર પર કબજો કરી લીધો હતો પણ તે ગ્વાલિયરમાં લડતા લડતા મૃત્યુ પામ્યા હતા.
- જનરલ હ્યુરોજે તેણીને વિદ્રોહીઓમાં એકમાત્ર મર્દ કહ્યા હતા. ઉપરાંત વિદ્રોહીઓએ તેણીને 'મહકપરી"ની ઉપાધી આપી હતી.
- લખનઉથી વાજીદઅલી શાહની બેગમ હઝરત મહલે નેતૃત્વ લીધું. લખનઉ રાજ્ય ડેલહાઉસીએ અવ્યવસ્થાનું બહાનું આપીને ખાલસા કરેલું. હઝરત મહલનો પરાજય થતાં નેપાળ ગયાં.
- બિહારના જગદીશપુરનાં જાગીરદાર કુંવરસિંહે અંગ્રેજ સેનાપતિ વિલિયમ ટેલર સામે બહાદુરીપૂર્વક લડેલા પરંતુ મરણતોલ ઘા વાગવાથી એપ્રિલ 1857માં મૃત્યુ પામ્યા.

| *વિદ્રોહના કેન્દ્રો* | *ભારતીય નેતા* | *અંગ્રેજ* |
|---|---|---|
| દિલ્હી | બહાદુર શાહ ઝફર, બખ્તર ખા (સેનાપતિ) | નિકોલસન અને હોડસન |
| કાનપુર | નાનાસાહેબ, તાત્યા ટોપે (સેનાપતિ) | કેમ્પબેલ |
| લખનઉ | બેગમ હજરત મહલ | કેમ્પબેલ |
| અલ્હાબાદ | લિયાકતાલી | કર્નલ નીલ |
| ઝાંસી | રાણી લક્ષ્મીબાઈ | હ્યુરોજ |
| જગદીશપુર | કુંવરસિંહ | વિલિયમ ટેલર, વિરોટ આયર |
| ફતેહપુર | અજીમુલ્લા | જનરલ રેનર્ડ |

## ○ નિષ્ફળતાના કારણો:

- પ્રમુખ કારણ સંકલનનો અભાવ.
- રાષ્ટ્રીયતાની ભાવના પ્રજા કે આગેવાનોમાં વિકાસ પામી ન હતી.
- શીખો, ગુરખાઓ, શિધિયા, હોલ્કર, નિઝામ, કાશ્મીર, જોધપુર, પટિયાલા વગેરે અંગ્રેજોને પક્ષે લડ્યા હતા.
- વિદ્રોહ કેન્દ્રીય નેતાગીરીના બદલે સ્થાનિક નેતાગીરી નીચે લડાયો હતો.
- શિક્ષિત મધ્યમ વર્ગ ઉદાસીન રહ્યો હતો.
- સૈનિક દુર્બળતા અને આધુનિક શસ્ત્રો-અસ્ત્રોનો અભાવ રહ્યો જ્યારે અંગ્રેજો પાસે આધુનિક સાધનો ઉપરાંત આધુનિક સંચારના સાધનો વિદ્રોહ દબાવવામાં મદદરૂપ થયા હતા.

## ▪ 1857ના વિપ્લવના પરિણામો:

- ઈંગ્લિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીને બદલે બ્રિટિશ તાજનું શાસન થયું. ગવર્નર જનરલના બદલે બ્રિટનની રાણીના પ્રતિનિધિ વાઈસરોયનું પદ અસ્તિત્વમાં આવ્યું હતું.
- થોડી બંધારણીય અને પ્રમાણમાં ઉદાર શાસનની શરૂઆત થઈ.
- ફરજિયાત ધર્મ પરિવર્તનની પ્રક્રિયા બંધ થઈ.
- અંગ્રેજ સૈનિકોની ભરતી વધારવામાં આવી અને હિંદી સૈનોકોના પગાર-ભથ્થા વધારાયા.

- **સામાજિક અને સાંસ્કૃતિક જાગરણ**

## બ્રહ્મોસમાજ

- સ્થાપના: ઈ.સ.1828માં કોલકતામાં રાજા રમમોહનરાયના પ્રયત્નોથી.
- ઈદેશ્ય: એકેશ્વરવાદનો પ્રચાર, સતીપ્રથા, બહુપત્નીત્વપ્રથા, બાળવિવાહ વગેરે કુપ્રથાઓમાં સુધારો કરવા.

## રાજા રમમોહન રાય :

- જન્મ: ઈ.સ.1774, રાધાનગર, હુગલી, પશ્ચિમ બંગાળ
- તેઓ પ્રેસની સ્વતંત્રતાના હિમાયતી હતા. બંગાળીમાં 'સંવાદ કૌમુદી' અને ફારસીમાં 'મિરાત-ઉલ-અખબાર' નામના સમાચારપત્રો ચાલુ કર્યા હતા.
- ઈ.સ. 1814માં આત્મીયસભા, ઈ.સ.1819માં કોલકાતા એકતાવાદી સભા ઈ.સ.1828માં બ્રહ્મોસમાજની સ્થાપના કરેલી.
- ઈ.સ.1829માં તેમના પ્રયત્નોથી સતીપ્રથા નાબૂદી કાયદો બન્યો.

## પ્રાર્થનાસમાજ:

- કેશવચંદ્રસેનની પ્રેરણાથી મુબંઈ (ઈ.સ. 1867)માં ડૉ. આત્મારંગ પાંડુરંગે પ્રાર્થનાસમાજની સ્થાપના કરી.
- ઈ.સ.1870માં રામકૃષ્ણ ભંડારકર અને ન્યાયમૂર્તિ ગોવિંદ રાનડે તેમાં જોડાયા.
- ઉદેશ: પડદાપ્રથા, બાળલગ્ન, આભડછેટ તેમજ જ્ઞાતિપ્રથાનો વિરોધ અને વિધવાવિવાહ, સ્ત્રી-શિક્ષણ અને આંતરજ્ઞાતિય લગ્નોને ઉત્તેજન."

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

## આર્યસમાજ

- જન્મ: ઈ.સ.1857માં મુંબઈમાં દયાનંદ સરસ્વતીએ આર્યસમાજની સ્થાપના કરી.
- ઉદેશ: વૈદિક ધર્મનો પુન:ઉદ્ધાર તથા સામાજિક સુધારણા

## દયાનંદ સરસ્વતી:

- જન્મ: ઈ.સ.1824. ટંકારા, મોરબી, મૂળનામ: મૂળશંકર, પૂર્ણાનંદ સરસ્વતીએ તેમને દયાનંદ સરસ્વતી નામ આપ્યું.
- ઈ.સ.1860માં મથુરા પહોંચ્યા અને પ્રજ્ઞાચક્ષુ સ્વામી વિરજાનંદને ગુરુ બનાવ્યા.
- ‘વેદો તરફ પાછા વળો’ એવું સૂત્ર આપ્યું અને ‘સત્યાર્થ પ્રકાશ’ નામના ગ્રંથની રચના કરી.
- હિંદુધર્મમાં લોકોને પુન : દીક્ષિત કરવાના ઉદેશ્યથી ‘શુદ્ધિ આંદોલન’ ચલાવ્યું.

## રામકૃષ્ણ મિશન

- ઈ.સ.1897માં બેલુરમાં સ્વામી વિવેકાનંદે રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી.
- ઉદેશ: માનવસેવા એજ પ્રભુસેવા.

## વિવેકાનંદ

- જન્મ ઈ.સ.1863,કોલકાતા, મૂળ નામ: નરેન્દ્રનાથ દત્ત, માતા : ભુવનેશ્વરી દેવી, પિતા:વિશ્વનાથ
- રામકૃષ્ણ પરમહંસને ગુરુ બનાવ્યા. રામકૃષ્ણ પરમહંસ ભારતીય સંસ્કૃતિના જ્યોતિધર હતા તથા દક્ષિણેશ્વરમાં (કોલકાતા) કાલીમાતાના મંદિરના પૂજારી હતા.
- ઈ.સ.1893માં શિકાગોમાં ભરાયેલી અખિલવિશ્વ ધર્મપરિષદમાં હાજરી આપી ભારતીય સંસ્કૃતિ અને તત્વજ્ઞાનની સમજ આપી.
  પુસ્તકો :- કર્મયોગ, રાજયોગ,પ્રબુદ્ધ ભારત (પત્ર)
- ‘ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો’ સૂત્ર પ્રચલિત કર્યું.
- ઈ.સ.1902માં તેનું મૃત્યુ થયું.”
- સ્વામી વિવેકનંદના મૃત્યુ પછી તેમના શિષ્ય સિસ્ટર નિવેદિતાએ મિશનનું કાર્ય સંભાળ્યું હતું.

## થિયોસોફિકલ સોસાયટી:

- ઈ.સ.1875માં ન્યુયોર્કમાં મેડમ બ્લેવેટ્સ્કી (રશિયન મહિલા) અને કર્નલ આલ્કોટના પ્રયાસોથી થિયોસોફિકલ સોસાયટીની સ્થાપના થઈ.
- ઉદેશ: ભારયીય આધ્યાત્મવાદનો અભ્યાસ કરવો.
- ઈ.સ. 1893માં આયરીશ મહિલા એની બેસન્ટે થિયોસોફિકલ સોસાયટીનું ભારતમાં કામ ઉપાડ્યું.
- ચેન્નાઈ નજીક અડિયાર ખાતે વડુ મથક હતું.
- ઈ.સ. 1898માં બનારસમાં બનારસ હિંદુ સ્કુલની સ્થાપના કરી જે આગળ જતા મદનમોહન માલવિયાના પ્રયાસોથી ઈ.સ. 1916માં બનારસ હિંદુ વિશ્વ વિધાલય બની.
- અની બેસન્ટે ઈ.સ.1916માં હોમરુલ લીગની સ્થાપના કરી.

## અલીગઢ આંદોલન અને સર સૈયદ અહમદખાન

- સર સૈયદ અહેમદખાને મુસ્લિમ ધર્મ અને સામાજીક સુધારણા માટે શરૂ કરેલુ આંદોલન અલીગઢ આંદોલન તરીકે ઓળખાય છે.
- તેમણે મુસલમાનોના દ્રષ્ટિકોણમાં આધુનિકતા અને પાશ્ચત્ય કેળવણી પ્રાપ્ત કરવા પર ભાર મૂક્યો.
- આ માટે તેમેણે ઈ.સ. 1875માં અલીગઢી એંગ્લો મોહમેડને ઓરિએન્ટલ કોલેજની સ્થાપના કરી જે પાછળથી વિકાસ પામીને “અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી” બની.

## શીખસમાજમાં ધાર્મિક સુધારાઓ :

- શીખોમાં સમાજ-સુધારણા ચળબળ અકાલી ચળવણ તરીકે જાણીતી થઈ.
- ગુરુદ્વારમાં વ્યસ્થા અને સુધારણા માટે શિરોમણી ગુરૂદ્વારા પ્રબંધક સમિતિની રચના કરવામાં આવી.
- ધાર્મિક શિક્ષણની સાથે પાશ્ચત્ય કેળવણી આપવા માટે અમૃતસરમાં ખાલસા કોલેજ તથા શાળાઓ શરૂ થઈ.

## પારસીસમાજમાં સુધારા:

- ઈ.સ.1851માં રહનુમા-ઈ-મઝદયરબન સભા (પારસી સુધારણાસભા) સ્થાપાઈ. દાદાભાઈ નવરોજી આ સંસ્થાના અગ્રણી હતા.
- આ સંસ્થાએ "રાશ્ત ગોફતાર" મુખપત્ર શરૂ કર્યું.
- બહેરામજી મલબારીના પ્રયત્નોથી ઈ.સ.1891માં સરકારે લગ્ન માટેની પુખ્તવય ઠરાવતો કાયદો પસાર કર્યો.

## જ્યોતિબા ફુલે:

- મહારાષ્ટ્રમાં લોકોમાં આત્મવિશ્વાસ અને હિંમત જન્માવવા "સત્યશોધક સમાજ"ની સ્થાપના ઈ.સ.1873માં કરી. જ્યોતિબાની કદરરૂપે ઈ.સ. 1887માં મુંબઈના નાગરિકોએ તેમને મહાત્માની પદવી આપી હતી.

## નારાયણ ગુરુ:

- એક જ જ્ઞાતિ, એક જ ધર્મ, એક જ ઈશ્વરમાં માનવાનો ઉપદેશ આપ્યો. પછાત જાતિઓ તથા અસ્પૃશ્યોના ઉત્કર્ષ માટે સેવા કરી. ઈ.સ. 1903માં 'શ્રી નારાયણ ધર્મ પરિપાલન યોગમ' સંસ્થાની સ્થાપના કરી. રવીન્દ્રનાથ ટાગોર તેમને પોતાના યુગના મહાન સંત સુધારક ગણાવ્યા છે.

## ઠક્કરબાપા: (અમૃતલાલ ઠક્કર)

- પંચમહાલ ભીલ સેવામંડળની સ્થાપના કરી. ભીલોના જીવનમાં મોટું પરિવર્તન લાવ્યાં.

## *ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અને રાષ્ટ્રવાદનો ઉદય:*

- 28 ડિસેમ્બર 1885ના રોજ મુંબઈની ગોકુલદાસ તેજપાલ સંસ્કૃત વિદ્યાલયના પ્રાંગણમાં દેશભરમાંથી આવેલા 72 પ્રતિનિધિઓના સંમેલનમાં એલન ઓક્ટિવિયમ હ્યુમ નામના નિવૃત્ત ICS અધિકારીના પ્રયત્નોથી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના કરવામાં આવી હતી.
- પ્રથમ અધિવેશનમાં વ્યોમેશચંદ્ર બેનરજી પ્રમુખપદે હતા. અન્ય મુખ્ય આગેવાનો દાદાભાઈ નવરોજી, ફિરોઝશાહ મહેતા, કે.ટી.તેલંગ, બદરુદીન તૈયબજી, દિનશા વાચ્છા વગેરે હાજર રહ્યા હતા.
- INCના ધ્યેયો નક્કી કરાયા હતા. જેમાં રાષ્ટ્રીય એકતાની ભાવના પેદા કરવી, ભવિષ્યમાં ઉદભવનાર સામાજિક-રાજકીય સમસ્યાઓ તરફ શિક્ષિત ભારતીયોનું ધ્યાન દોરવું, રાષ્ટ્રીય ઉન્નંતિ માટેની નીતિ નક્કી કરવી, જેવી બાબતોનો સમાવેશ કરાયો હતો.
- ઈ.સ. 1907ના સુરત અધિવેશનથી કોંગ્રેસમાં બે દળ પડી ગયાં. જહાલવાદી અને મવાળવાદી.
- મવાળવાદીમાં દાદાભાઈ નવરોજી, ફિરોઝશાહ મહેતા, ગોપાલકૃષ્ણ ગોખલે, સુરેન્દ્રનાથ બેનરજી વગેરે પ્રમુખ નેતા હતા.
- જ્યારે જહાલવાદીમાં લાલા લજપતરાય, બિપિનચંદ્ર પાલ, બાળ ગંગાધર તિલક, અરવિંદ ઘોષ પ્રમુખ નેતા હતા.

## બંગાળના ભાગલા (ઈ.સ.1905)

- લોર્ડ કર્ઝને બંગાળના ભાગલા કર્યા હતા.
- તે સમયે બંગાળ પ્રાંત બ્રિટિશ હિંદનો સૌથી મોટો પ્રાંત હતો. તે આધુનિક બાંગ્લાદેશ, પં.બંગળ, બિહાર, ઓરિસ્સાથી બનેલું હતું. વસ્તી લગભગ 8 કરોડ હતી.
- જે દિવસે ભાગલાનો અમલ શરૂ થયો (16 ઓક્ટોબર 1905)તે દિવસને શોકદિન તરીકે ઉજવી હડતાળો પાડવામાં આવી.
- રવીન્દ્રનાથ ટાગોરના સૂચનથી તે દિવસેને એકતા દિન તરીકે પણ ઉજવવામાં આવ્યો. હિંદ-મુસ્લિમોએ એકબીજા હાથે રાખડીઓ બાંધી હતી. આ અવસરે ટાગોરે 'અમાર સોનાર બાગ્લા' ગીત લખ્યું. જે હાલમાં બાંગ્લેદેશનું રાષ્ટ્રગીત છે.

## સ્વદેશી આંદોલન (ઈ.સ.1905)

- ભાગલાના વિરોધમાં સ્વદેશી આંદોલન થયું. જેના મુખ્ય ત્રણ લક્ષણો હતા.
- સ્વદેશી અપનાવો, વિદેશી વસ્તુઓનો બહિષ્કાર અને રાષ્ટ્રીય શિક્ષણ.
- ઉગ્ર સ્વરૂપ આપ્વા એક લડત સમિતિની રચના કરવામાં આવી જેમાં સુરેન્દ્રનાથ બેનરજી, બિપિનચંદ્ર પાલ, અરવિંદ ઘોષ વગેરે હતા.
- ઈંગ્લેન્ડથી આવતી ચીજવસ્તુઓના વેચાણ કરતી દુકાનો પર પિકેટીંગ કરવામાં આવ્યું. આથી માન્ચેસ્ટરથી આવતું કાપડ બંધ થઈ ગયું. સ્વદેશી માલ બનાવતાં કારખાના ચાલુ થઈ ગયા.
- રવીન્દ્રનાથ ટાગોરની શાંતિ નિકેતન વિધાપીઠ સહિય રાષ્ટ્રીય શાળાઓ ખુલી.
- સરકારી દમન લડત તોડી પાડવામાં નિષ્ફળ રહી. છેવટે ઈ.સ.1911માં સરકારે બંગાળના ભાગલા રદ કર્યા.

## મુસ્લિમ લીગની સ્થાપના (ઈ.સ.1906)

- રાષ્ટ્રીય લડતની તાકાત વધતી ગઈ ત્યારે અંગ્રેજોએ મુસ્લિમોને અલગમતાધિકાર અને અલગ મતદાર મંડળોની માંગણી કરવા મુસ્લિમોના એક જૂથેને સમજાવવામાં સફળ થયા.
- પરિણામે ઈ.સ.1906માં મુસ્લિમ લીગની સ્થાપના થઈ. જેમાં ધાર્મિક વડા આગાખાન, ઢાકાના નવાબ સકીમુલ્લા, વાઈસરોય મિન્ટો અને તેના ખાનગી મંત્રી ડનલોપ સ્મિથે મહત્વની ભૂમિકા ભજવી હતી.

## હોમરુલ આંદોલન (ઈ.સ.1916)

- ભારતમાં હોમરુલ લીગની સ્થાપના લોકમાન્ય તિલક અને એની બેસન્ટે કરી.
- તિલકે એપ્રિલ 1916માં બેલગામમાં હોમરુલ લીગની સ્થાપના કરી જેનો પ્રભાવ મુંબઈ સિવાયના મહારાષ્ટ્ર, કર્ણાટક, મધ્યપ્રાંત અને વરાડ સુધી ફેલાયોલો હતો.
- એની બેસન્ટે આયરલેન્ડની જેમ સપ્ટેમ્બર 1916માં હોમરુલ લીગની સ્થાપના કરી (ચેન્નાઈ) જેને તિલકના કાર્યક્ષેત્રે બહાર આંદોલન ફેલાયેલો હતો.
- તિલકે પોતાના અખબારો 'ધી મરાઠા' (અંગ્રેજી) અને 'કેસરી' (મરાઠી) માં લેખો લખીને તથા ભાષણો આપીને હોમરુલની તરફેણમાં લોકમત કેળવ્યો. આ દરમિયાન તેમને 'લોકમાન્ય' તરીકે બિરદાવવામાં આવ્યા. અની બેસન્ટે 'ધી કોમનવીલ' સાપ્તાહિક અને 'ન્યુ ઈન્ડિયા ' દૈનિક દ્વારા હોમરુલનો પ્રચાર કર્યો.

## લખનૌ કરાર (ઈ.સ.1916)

- ઈ.સ.1916માં લખનૌ મુકામે કોંગ્રેસ તથા મુસ્લિમ લીગના અધિવેશનો અલગ અલગ સ્થળે મળ્યાં.
- કોંગ્રેસમાં મવાળવાદી અને જહાલવાદી જૂથ એક થઈ ગયા જે 1907માં અલગ થયા હતા. કોંગ્રેસ તથા મુસ્લિમ લીગના નેતાઓએ સમજૂતી કરી તે મુજબ કોંગ્રેસે ધારાસભામાં મુસલમાનો માટે અલગ પ્રતિનિધિત્વનો સ્વીકાર કર્યો, એક સંયુક્ત સમિતિનું ગઠન કર્યું અને એક થઈને સંઘર્ષ કરવાનો નિર્ણય લીધો.
- આ કરાર લખનૌકરાર તરીકે જાણીતો થયો.

## ▪ કેટલીક ક્રાંતિકારી પ્રવૃત્તિઓ :

- ઈ.સ. 1879માં સૌપ્રથમ વાસુદેવ બળવંત ફડકેએ ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓની શરૂઆત કરી.
- પ્રથમ ક્રાંતિકારી સંગઠન દામોદર અને બાલકૃષ્ણ ચાપેકર ભાઈઓ દ્વારા ઈ.સ.1896-97માં વ્યાયામ મંડળના નામથી સ્થાપિત થયું. તેમણે પ્લેગ કમિશનર રૈડ અને અયર્સ્ટની હત્યા કરી હતી. આથી તેમને ફાંસીની સજા થઈ હતી.
- વીર સાવરકરે મિત્રમેલા સંગઠનની સ્થાપના કરી હતી. જે ઈ.સ.1904માં અભિનવ ભારત તરીકે ઓળખાયું. જેનો પ્રમુખ સદસ્ય પાડુરંગ મહાદેવ બાપટને બોમ્બ બનાવવાની તકનિક માટે રશિયા મોકલાયો હતો.
- 13 નવેમ્બર 1909ના દિવસે અમદાવાદમાં વાઈસરોય મિન્ટો અને લેડી મિન્ટો પર પ્રથમ રાયપુર દરવાજા બહાર અને પછી તરત જ આસ્ટોડીયા દરવાજા બહાર બોમ્બ ફેંકાયો. જો કે બંને વખત તેઓ બચી ગયાં. આ પ્રવૃત્તિ કરનાર મોહનલાલ પંડ્યા (ડુંગળીચોર) અને એમના બે સાથી પુંજાભાઈ વકીલ તથા વસંતરાવ વ્યાસ હતા. પરંતુ છેક સુધી તેઓ પકડાયા ન હતા.
- ઈ.સ.1906માં બારીન્દ્રકુમાર ઘોષે 'ભવાની મંદિર' નામની પુસ્તિકામાં ક્રાંતિકારી કાર્યોને લગતી વિસ્તૃત જાણકારી પ્રદાન કરી. ઈ.સ. 1906માં ભુપેન્દ્રનાથ દત્ત સાથે મળીને "યુગાંતર" નામના સમાચારપત્રથી ક્રાંતિકારી વિચારધારાનો પ્રચાર કર્યો.

- ઈ.સ.1908માં મુઝફ્ફરનગરના એક અન્યાયી જજ કિંગ્સફોર્ડની બગી પર પ્રફુલ્લ ચાકી અને ખુદીરામ બોઝે બોમ્બ ફેંક્યો. પ્રફુલ્લ ચાકીએ આત્મહત્યા કરી જ્યારે ખુદીરામને ફાંસી આપવામાં આવી.
- ઈ.સ.1912માં વાયસરોય લોર્ડ હાર્ડિંગ પર બોમ્બ ફેંકાયો જે દિલ્હી ષડયંત્ર કેસથી ઓળખાય છે. આ કાંડ પાછળ રાસબિહારી બોઝની યોજના હતી

## વિદેશમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ :

- ઈ.સ.1906માં શ્યામજી કૃષ્ણવર્માએ (વતન માંડવી) લંડનમાં 'ઈન્ડિયન હોમરુલ સોસયટી' ની સ્થાપના કરી. સંસ્થાના પ્રચાર માટે "ઈન્ડિયન સોશ્યોલોજિસ્ટ" નામનું સામયિક શરૂ કર્યું. તેમણે "ઈન્ડિયન હાઉસ"ની સ્થાપના કરી અને ભારતીયો માટે શિષ્યવૃતિની વ્યવસ્થા પણ કરી.
- મદનલાલ ધિંગરા, વિનાયક સાવરકર, લાલા હરદયાળ, શ્યામજી કૃષ્ણ વર્મા સાથે જોડાયા હતા.
- ઈ.સ. 1909માં મદનલાલ ધિંગરાએ લંડનમાં કર્નલ વાયલીને ગોળી મારી હત્યા કરી હતી. તેથી તેને ફાંસી આપવામાં આવી હતી.
- લંડનમાં રહેવું સલામતીભર્યું ન લાગતા વર્મા પેરીસ ગયા. થોડા સમય પછી સ્વિટ્ઝરલેન્ડ ગયા. જ્યાં તેમનું 1930માં અવસાન થયું, તેમની પત્ની ભાનુમતી 1933માં મૃત્યુ પામ્યાં. (તેમના અને પત્નીના અસ્થિ 2003માં ભારત લાવી માંડવીમાં સ્થાપિત કરાયા છે.)
- ઈ.સ.1913માં લાલા હરદયાળ, સોહનસિંહ ભાખના વગેરેએ સેન ફ્રન્સિસ્કોમાં "ગદર પાર્ટી"ની સ્થાપના કરી. પાર્ટીએ અંગ્રેજી, મરાઠી, ઉર્દૂ, ગુરુમુખી ભાષાઓમાં ગદર સાપ્તાહોક શરૂ કર્યું. ગદર પાર્ટીના અન્ય નેતાઓ બરકતુલ્લા, અબ્દુલ રહેમાન, રાજા મહેન્દ્રપ્રતાપ, રામચંદ્ર વગેરે હતા.
- પેરિસમાં મેડમ ભીખાઈજી રુસ્તમ કામા અને સરદારસિંહ રાણા સક્રિય હતા. મેડમ કામાએ ઈ.સ.1907માં જર્મનીના સ્ટુટગાર્ડ શહેરમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય સમાજવાદી પરિષદમાં ભારતનો ત્રિરંગો ફરકાવ્યો હતો.
- સરદારસિંહ રાણા મૂળ લીંબડીના વતની હતા. પેરિસમાં સભાઓ યોજીને અંગ્રેજ સરકારના દમનનો જોરદાર વિરોધ કર્યો . ફ્રેન્ચસરકારે તેમને હદપાર કર્યા હતા.
- જાપાનમાં રાસબિહારી ઘોષે અને અગ્નિએશિયામાં ચંપક રમણ પિલ્લાઈએ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ચાલુ કરેલી.

## ગાંધીયુગ

- મોહનદાસ કરમચંદ ગાંધી
- જન્મ: 2, ઓક્ટોબર 1869,પોરબંદર, માતા: પૂતળીબાઈ પત્નિ : કસ્તૂરબા
- ઈ.સ.1887માં મેટ્રિકયુલેશનની પરીક્ષા પાસ કરીને ભાવનગરની શામળદાસ કોલેજમાં એક સુત્ર અભ્યાસ કરી ઉચ્ચ શિક્ષણ માટે ઈંગ્લેન્ડ ગયા. 1891માં બેરિસ્ટર થઈ ભારત આવ્યા.
- ઈ.સ.1893માં પોરબંદરન અબ્દુલ્લા શેઠની પેઢીના વકીલ તરીકે દક્ષિણઆફ્રિકા ગયા. અંગ્રેજોની રંગભેદની નિતિ વિરૂદ્ધ 1893 થી 1914 સુધી અહિંસક આંદોલન કર્યું.
- ઈ.સ.1915માં ગાંધીજી દક્ષિણઆફ્રિકાથી ભારત આવ્યા.
- ગોપાલકૃષ્ણ ગોખલેના વિચારોથી પ્રભાવિત થયા આથી ગાંધીજીના રાજનૈતિક ગુરુ બની ગયા.
- શરૂઆતમાં તેમણે અંગ્રેજોને સાથ આપેલો. તેથી 1915માં અંગ્રેજસરકારે "કેસર-એ-હિંદ"ની ઉપાધીથી ગાંધીજીને સન્માનિત કરેલા. પરંતુ ટૂંક સમતમાં તેમની વિરૂદ્ધમાં આંદોલનનો માર્ગ અપનાવ્યો.
- ઈ.સ.1915માં અમદાવાદમાં પાલડી નજીક કોચરબ ગામે સત્યાગ્રહ આશ્રમની સ્થાપના કરી
- ઈ.સ.1917માં અમદાવાદમાં સાબરમતી નદીકિનારે સાબરમતી આશ્રમની સ્થાપના કરી.
- અસ્પૃશ્યોને તેમણે હરિજન નામ આપ્યું અને "હરિજનસેવકસંઘ"ની સ્થાપના કરી.

## ચંપારણ-સત્યાગ્રહ (ઈ.સ.1917)

- બિહારના ચંપારણમાં યુરોપિયન નીલવરો જમીનના 3/20 ભાગમાં ફરજિયાત ગળીનું વાવેતર કરવાની 'તીન કઠિયા' પદ્ધતિ અપનાવી ઉત્પાદન સસ્તી કિંમતે વેચવાની ખેડુતોને ફરજ પાડતા હતા.
- ગાંધીજીએ થોડાક માસના પ્રયત્નોને અંતે નિરાકરણ કર્યું. ગાંધીજીનો આ પ્રથમ સફળ સત્યાગ્રહ હતો. જેના ઉપલક્ષમાં સર્વપ્રથમ રવીન્દ્રનાથ ટાગોર ગાંધીજીને "મહાત્મા" કહ્યા હતા.

## રોલેટ એક્ટ, 1919

- જે અંતર્ગત કોઈપણ શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરી શકાતી અને તેના પર મુકદમો ચલાવ્યા સિવાય દિવસો સુધી જેલમાં પૂરી રાખી શકાતો.
- ગાંધીજીએ એ કાયદાને 'કાળો કાયદો' કહ્યો.
- મોતીલાલ નેહરૂએ 'નો અપીલ ,નો દલીલ, નો વકીલ' તરીકે ગણાવ્યો.
- આ કાયદાવિરૂદ્ધ સભાઓ, સરઘસ , હડતાલો થઈ. મહમદ ઝીણા સહિત અનેક સદસ્યોએ ધારાસભામાંથી રાજીનામા આપ્યા.
- 6 એપ્રિલ. 1919નો દિવસ રાષ્ટ્રીય અપમાન દિવસ તરીકે મનાવાયો.
- 8 એપ્રિલ 1919ના રોજ ગાંધીની પલવલ (હરિયાણા) થી ધરપકડ થઈ.
- 10 એપ્રિલ 1919ના રોજ અમૃતસરમાંથી લોકપ્રિય નેતાઓ ડૉ.સત્યપાલ અને ડો.કિચલુની ધરપકડ થઈ.

## જલિયાવાલાબાગનો હત્યાકાંડ (ઈ.સ.1919)

- 13મી એપ્રિલ 1919 વૈશાખી (પાક લણણીનો દિવસ ) દિવસે સાંજે 4.30 કલાકે અમૃતસરના જલિયાવાલાબાગમાં શહીદોને અંજલિ આપવા અને પોતાના પ્યારા નેતાઓ ડૉ.સત્યપાલ અને ડૉ.કિચલુની ધરપક્ડનો વિરોધ કરવા સભાનું આયોજન કરાયેલું.
- તે દિવસે જાહેર કરાયેલી 144મી કલમની પરવા કર્યા વગર લોકો શાંતિપૂર્ણ રીતે (અંદાજે દસ હજાર લોકો) એકત્રિત થયેલા.
- પૂર્વ ચેતવણી આપ્યા વિના જનરલ ડાયરે સૈનિકોને પ્રજાજનો ઉપર ગોળીબાર કરવાનો હુકમ કર્યો.
- આ જગ્યામાં પ્રવેશ માટેનું માત્ર એક જ સાંકડું દ્વાર હતું અને ફરતે ઊંચી દિવાલો હતી.
- પ્રવેશદ્વારથી સૈનિકોએ ગોળીબાર શરૂ કર્યો. સતત 10 મિનિટ સુધી 1650 રાઉન્ડ છોડવામાં આવ્યા. દારૂગોળો ખલાસ થયો ત્યારે ગોળીબાર બંધ થયો.
- સરકારી આંકડા મુજબ 379 લોકો મૃત્યુ પામ્યા અને 1200 લોકો ઘાયલ થયા પરંતુ ખરેખર આ સંખ્યા વધારે હતી.
- આ બનાવની તપાસ કરનારા હન્ટર કમિશને જનરલ ડાયરનો બચાવ કર્યો અને અજાણતા થઈ ગયેલી ભૂલ તરીકે ક્ષમ્ય ગણી.
- જનરલ ડાયર નોકરીમાંથી બરતરફ થઈ ઈંગ્લેન્ડ પરત ફર્યો ત્યારે તેનું 2000 પાઉન્ડ તથા તલવાર આપીને સન્માન કરાયું. આથી સમગ્ર હિન્દની પ્રજાને જબરદસ્ત આઘાત લાગ્યો.
- હત્યાકાંડના વિરોધમાં રવીન્દ્રનાથ ટાગોરે બ્રિટિશ સરકાર દ્વારા અપાયેલ નાઈટનો ખિતાબ, ગાંધીજીએ કેસર-એ-હિંદ તથા જમનલાલ બજાજે રાય બહાદુરની ઉપાધિનો ત્યાગ કર્યો. વાઈસરોયની કારોબારી પરિષદના સભ્ય શંકરન નાયરે ત્યાગપત્ર આપ્યું.
- કોંગ્રેસ જલિયાવાલાબાગ હત્યાકાંડની તપાસ માટે મદનમોહન માલવિયાના નેતૃર્વમાં મોતીલાલ નહેરુ, ગાંધીજીની સદ્સ્યતામાં આયોગ નિયુક્ત કર્યુ હતું.

## ખિલાફત આંદોલન:

- તુર્કીનો સુલતાન એ વખતે ઈસ્લામધર્મનો ખલીફા (ધાર્મિક વડો) ગણાતો. તેથી તેની વિરૂદ્ધમાં લગાયેલી કડક શરતોથી ભારતીય મુસલમાન ઉત્તેજિત થયા અને જે આંદોલન થયું તેને ખિલાફત આંદોલન તરીકે ઓળખવામાં આવે છે.
- અલીભાઈઓ (મૌલાના સૌકતઅલી અને મૌલાના મહમદઅલી), હકીમ અજમલખાન, હસરત મોહાની, મૌલાના અબુલ કલામ આઝાદ વગેરે મુખ્ય નેતાઓ હતા
- હિન્દુ-મુસ્લિમ એકતાના ખ્યાલથી ગાંધીજીએ કૉંગ્રેસને આ આંદોલનને ટેકો આપવા સપ્ટેમ્બર 1920ના વિશિષ્ટ અધિવેશનમાં અન્ય નેતાઓને સહમત કર્યા
- 31 ઓગસ્ટ, 1920 ખિલાફત દિવસના રૂપમાં મનાવ્યો.

## અસહકારનું આદોલન(1920-22)

- ઈ.સ. 1920ના કોલકાતાના વિશિષ્ટ સંમેલનમાં ખિલાફત આંદોલનને સમર્થન અને અસહકાર આંદોલન માટે પૂર્વ ભૂમિકા બંધાઈ અને ઈ.સ.1920ના નાગપુરના અધિવેશનમાં બહાલી મળી.
- ચૌરી-ચૌરા બનાવ(5 ફેબ્રુ., 1922): ઉત્તરપ્રદેશમાં ગૌરખપુર નજીક ચૌરીચૌરા ગામે પોલીસે એક સરઘર ઉપર બેફામ ગોળીબાર કર્યો. ઉશ્કેરાયેલા લોકોએ પોલીસ સ્ટેશનનને આગ લગાડી તેથી 22 પોલીસોના મૃત્યુ થયા.
- આ હિંસક બનાવ બનતા ગાંધીજીએ જણાવ્યું કે 'અહિંસાનું મૂલ્ય નહિ સમજનારા લોકોના હાથમાં સત્યાગ્રહનું શસ્ત્ર મૂકીને મેં હિમાલય જેવડી મોટી ભૂલ કરી' એમ કહીને આંદોલન તત્કાલ પાછુ ખેંચી લેવાની જાહેરાત કરી.
- સરકારે ગાંધીજીની ધરપકડ કરી અને 6 વર્ષની કેદની સજા થઈ.
- કેટલાક નેતાઓએ ગાંધીજીના નિર્ણયની ટીકા કરી.

## સ્વરાજ્ય પાર્ટી

- મોતીલાલ નેહરુ અને ચિતરંજનદાસે ઈ.સ.1923માં સ્વરાજ્ય પાર્ટીની સ્થાપના કરી. હકીમ અમજલખાન. વિઠલદાસ પણ જોડાયા.
- પાર્ટીનો ઉદેશ્ય ધારાસભામાં પ્રવેશી નવી ચેતના લાવવાનો હતો.
- ઈ.સ.1923ની ધારાસભાની ચૂંટણીમાં પક્ષને બહુમતિ મળી પરંતુ 1925માં ચિતરંજનદાસનું અવસાન થતા પક્ષ નિર્બળ બની ગયો.
- ઈ.સ. 1926ની ચૂટણીમાં પક્ષને સફળતા ન મળી અને પુન: કોંગ્રેસમાં મળી ગયો.

## ઉગ્ર ક્રાતિકારી-પ્રવૃતિઓ

- રામપ્રસાદ બિસ્મિલ, યોગેશ ચેટર્જી , સચિન્દ્ર સન્યાલ વગેરેએ મળીને ઈ.સ.1924માં કાનપુરમાં હિન્દુસ્તાન રિપબ્લિકન એસોસિએશનની સ્થાપના કરી.
- હિન્દુસ્તાન રિપબ્લિકન એસોસોએશનના સદસ્યોએ 9 ઓગસ્ટ 1925ના રોજ હરદોઈથી લખનઉ જતી ટ્રેનને કાકોરી નામના સ્ટેશને રોકીને સરકારી ખજાનો લુટ્યો. જેનો ઉદેશ્ય ક્રાંતિકારી પ્રવૃત્તિઓ માટે નાણા એકઠાં કરવાનો હતો.
- કાકોરી કાવતરા કેસ અંતર્ગત રામપ્રસાદ બિસ્મિલ, અશફાક ઉલ્લાખાન, રોશનસિંહ અને રાજેન્દ્રલોહરીને ફાંસી થઈ. જ્યારે ચંદ્રશેખર આઝાદ ફરાર થઈ ગયા.
- ઈ.સ. 1928માં ચંદ્રશેખરની પ્રેરણાથી ભગતસિંહે અન્ય ક્રાંતિકારી સાથે મળીને હિન્દુસ્તાન સોશ્યોલિસ્ટ રિપબ્લિકન આર્મીની સ્થાપના કરી.
- ઈ.સ.1928માં ભગતસિંહે પોલીસ અધિકારી સોન્ડર્સની હત્યા કરી કારણ કે તેને લાલા લજપતરાય પર લાઠીચાર્જ માટે જવાબદાર સમજ્યો હતો.
- નવા દમનકારી કાયદાઓ અને માર્ચ 1929માં થયેલ 31 મજૂર નેતાઓની ધરપકડનો વિરોધ કરવા 8 એપ્રિલ 1929ના રોજ ભગતસિંહ અને બટુકેશ્વરદત્તે કેન્દ્રીય વિધાનસભામાં બે બોમ્બ ફેંક્યા અન ધરપકડ વહોરી. અહીં ઉદેશ્ય કોઈની હત્યા કરવાનો ન હતો.
- લાહૌર કાવતરા કેસ અંતર્ગત ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને 23માર્ચ, 1931નારોજ ફાંસી થઈ.
- ચંદ્રશેખર આઝાદને અલ્હાબાદ ખાતે પોલીસ સાથે ઘર્ષણ થયું અને આલ્ફ્રેડ પાર્કમાં તેમણે આત્મહત્યા કરી.
- 18 એપ્રિલ 1930ના રોજ સૂર્યસેનના નેતૃત્વમાં ઈન્ડિયન રિપબ્લિકન આર્મીના ક્રાંતિકારીએ ચટગાંવ પોલીસ શસ્ત્રાગાર પર કબ્જો કર્યો અને થોડા સમય સુધી ચટગાંવને બ્રિટિન શાસનથી વિહોણું બનાવ્યું.
- ઈ.સ.1934માં સૂર્યસેન અને તારકેશ્વરને ફાંસી થઈ. જ્યારે આ દળની યુવતી પ્રીતિલતા વાડેડારે આત્મહત્યા કરી અને કલ્પના દત્તને આજીવન કારાવાસની સજા થઈ.

## સાયમન કમિશનર(ઈ.સ..1927):

- આ કમિશનના બધા(સાતેય) સભ્યો અંગ્રેજ હતા, આથી કોંગ્રેસ સહિત બધા પક્ષોએ સામયન કમિશનનો વિરોધ કર્યો.
- 3 ફ્બ્રુઆરી, 1928ના રોજ સાયમન કમિશન ભારત આવ્યું ત્યારે 'સાયમન ગો બેક'ના નારાથી વિરોધ કરાયો.
- પંજાબ કેસરી લાલા લજપતરાયનું પોલીસ લાઠીમારથી મૃત્યુ થયું. લખનઉમાં નેહરુ પર લાઠીચાર્જ થયો. જ્યારે ગોવિંદ વલ્લભ પંત લાઠીચાર્જથી અપંગ બન્યા.

## નેહરુ અહેવાલ:

- સાઈમન કમિશનનો બહિષ્કાર કરવાથી તત્કાલીન સચિવ લોર્ડ બેકનહેડે કહ્યું હતું કે ભારતીયો પોતાનું સંવિધાન બનાવવા સમર્થ છે જે બધા વર્ગોને માન્ય હોય.
- કોંગ્રેસ આ પડકાર સ્વીકારી 19 મે, 1928ના રોજ મોતીલાલ નેહરુની અધ્યક્ષતામાં સમિતિની રચના કરી. આ સમિતિએ 10 ઓગષ્ટ 1928ના રોજ પોતાનો અહેવાલ આપ્યો જે નહેરુ-અહેવાલથી ઓળખાય છે.
- આ અહેવાલમાં સાંસ્થાનિક સ્વરાજ્ય, પુખ્તવય મતાધિકાર, સ્વતંત્ર ન્યાયતંત્ર, મૂળભૂત અધિકારો, કોમી મતદાર મંડળોની સમાપ્તિ, લઘુમતિઓ માટે અનામત જેવી બાબતોની ભલામણો હતી.
- આ અહેવાલ સ્વતંત્ર ભારતના બંધારણની "બ્લ્યુ પ્રિન્ટ" કહેવાય છે. મુસ્લિમ લીગની અસંમતિના કારણે સરકારે તેનો અસ્વીકાર કર્યો.

## પૂર્ણ સ્વરાજની માંગ :

- ઈ.સ. 1928ના કોલકાતા અધિવેશનમાં ઘોષણા કરાઈ હતી કે 1 વર્ષની અંદર સાંસ્થાનિક સ્વરાજ્ય ન મળે તો કોંગ્રેસ પૂર્ણ સ્વાધીનતાની માંગ કરશે.
- ઈ.સ. 1929માં કોંગ્રેસનું અધિવેશન યુવા નેતા જવાહરલાલ નહેરુના અધ્યક્ષસ્થાને રાવી નદીકિનારે લાહૌર ખાતે મળ્યું. જેમાં 1 વર્ષનો આપેલો સમયગાળો પૂર્ણ થયો હોવાથી પૂર્ણ સ્વરાજનો ઠરાવ પસાર કરવામાં આવ્યો.
- 26 જાન્યુઆરી 1930ના રોજ સ્વતંત્રતા દિવસ મનાવવામાં આવ્યો.
- પૂર્ણ સ્વરાજ માટે સવિનય કાનૂનભંગ આંદોલનનો નિર્ણય લેવાયો.

## સવિનય કાનૂનભંગ ચળવળ (ઈ.સ.1930)

- 12 માર્ચ 1930ના દિવસે સવારે મીઠાનો અન્યાયી કાયદો તોડવા અમદાવાદના સાબરમતી આશ્રમથી ગાંધીજીએ પોતાના 78 સાથીદારો સાથે દાંડીકૂચની શરૂઆત કરી.
- કૂચ દરમિયાન ભાટ ગામ મુકામે ગાંધીજીએ કહ્યું. 'કાગડા-કૂતરાના મોતે મરીશ, પણ સ્વરાજ્ય લીધા વિના આશ્રમમાં પાછો નહિ ફરું.'
- અમદાવાદથી દાંડી 385 કિ.મી. દૂર નવસારી (વર્તમાન) જિલ્લામાં પશ્ચિમ સમુદ્રતટ પર આવેલું છે.
- ગાંધીજી સાથીદારો સાથે 5 અપ્રિલ 1930ના રોજ દાંડી પહોંચ્યા અને 6 એપ્રિલે દરિયાકિનારે હાથમાં મીઠું ઉપાડી મીઠાના કાયદાનો ભંગ કર્યો. ત્યારબાદ આખા દેશમાં સવિનય કાનૂનભંગ આંદોલન શરૂ થઈ ગયું.
- સુભાષચંદ્ર બોઝે આ દાંડીયાત્રાને નેપોલિયનની પેરિસ માર્ચ અને મુસોલોનીની રોમ માર્ચ સાથે જ્યારે મહાદેવભાઈ દેસાઈએ દાંડી કૂચને મહાભિનિષ્ક્રમણ સાથે સરખાવી હતી.
- દાંડીકૂચથી મીઠાનો કાયદો તોડવો સરકારના વિરોધનો પ્રતીક બની ગયો.
- તમિલનાડુમાં રાજગોપાલાચારીએ ત્રિચનાપલ્લીથી વેદારણ્યમની યાત્રા કરી, ધરાસણામાં સરિજિની નાયડુએ મીઠાના સરકારી ડીપો સુધી અહિંસાત્મક સત્યાગ્રહીઓ સાથે યાત્રાનું નેતૃત્વ લીધું.
- માલાબારમાં મીઠાસત્યાગ્રહ કે.કેલપ્પને આયોજિત કર્યો.
- દેશભરમાં પ્રદર્શન, હડતાલો, વિદેશી વસ્તુઓનો બહિષ્કાર થયો. મોટાભાગના પ્રમુખ નેતાઓની ધરપકડ થઈ અને કોંગ્રેસ પર પ્રતિબંધ લગાવાયો.
- પશ્ચિમોત્તાર સીમાપ્રાંતમાં આંદોલનનું નેતૃત્વ સરહદના ગાંધી તરીકે ઓળખાતા ખાન અબ્દુલ ગફારખાને લીધું હતું.
- પેશાવરમાં એક મહત્વપૂર્ણ ઘટના બની. ગઢવાલી સિપાઈઓની બે પલટનોએ પ્રદર્શનકારીઓ પર ગોળી ચલાવવાના આદેશનો ઈન્કાર કર્યો. થોડા દિવસ સુધી પેશાવર બ્રિટિશ સત્તાવિહોણું બની ગયું.
- સોલાપુરમાં ગાંધીજીની ધરપકડનો વિરોધ કરવા વિદ્રોહ થયો અને લોકોએ થોડા સમય સુધી પોતાનું શાસન સ્થાપિત કર્યું.

## ગોળમેજી પરિષદો અને ગાંધી-ઈરવિન સમજૂતી

- સાયમન કમિશને કરેલી ભલામણો પર વિચાર કરવા બ્રિટિશ સરકારે નવેમ્બર 1930માં લંડનમાં પ્રથમ ગોળમેજી સંમેલનનું આયોજન કર્યું. જેમાં ભારતીય રાજાઓ, મુસ્લિમ લીગ, ડો.આબેડકર, હિંદુ મહાસભા સહિત 86 પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો, પરંતુ કોંગ્રેસે ભાગ ન લેવાથી સંમેલન અસફળ રહ્યું
- બીજી પરિષદ પહેલા કોંગ્રેસને મનાવી લેવાની ફરજ પડી. તેગ બહાદુર સપુ અને જયકરના પ્રયાસોથી ગાંધી-ઈર્વિન વચ્ચે 5 માર્ચ 1931ના રોજ સમજુતી થઈ. જે અંતર્ગત સરકારે બધા સત્યાગ્રહીઓને મુક્ત કર્યા, મીઠું પકવતા પ્રદેશમાં લોકોને મીઠું પકવવાની સ્વતંત્રતા મળી અને શાંત પિકેટીંગ કરવાની પણ પરવાનગી મળી. ગાંધીજીએ સવિનય કાનૂનભંગનું આંદોલન મોકૂફ રાખ્યું.
- વલ્લભભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલા માર્ચ 1931ના કરાચી અધિવેશનમાં બીજી ગોળમેજી પરિષદ ભાગ લેવાનો નિર્ણય લેવાયો.
- દ્વિતીય ગોળમેજી પરિષદ લંડન ખાતે સપ્ટેમ્બર 1931માં યોજાઈ. કોંગ્રેસના એકમાત્ર પ્રતિનિધિ તરીકે ગાંધીજી હાજર રહ્યાં. જુદી જુદી કોમના પ્રતિનિધિઓએ પોતાની કોમ મટે અલગ મતદાનની માંગણ કરી આથી પરિષદ નિષ્ફળ ગઈ.
- તૃતીય ગોળમેજી પરિષદ ઈ.સ.1932માં યોજાઈ પરંતુ કોંગ્રેસ અને બ્રિટિનની લેબર પાર્ટીએ પણ ભાગ ન લીધો. આથી આ પરિષદ પણ નિષ્ફળ ગઈ.
- ત્રણેય ગોળમેજી પરિષદ દરમિયાન ઈંગ્લેન્ડનો વડાપ્રધાન રામસે મેકડોનાલ્ડ હતો.

## કોમી-ચુકાદો અને પુના-કરાર (ઈ.સ.1932)

- ઓગષ્ટ 1932માં ઈંગ્લેન્ડના વડાપ્રધાન રામસે મેકડોનાલ્ડે કોમી ચુકાદો જાહેર કર્યો. તે મુજબ હરિજનો (દલિતો) ને પણ હિન્દુથી અલગ ગણીને અલગ મતદાર-મંડળો આપવામાં આવ્યા.
- તેના વિરોધમાં પુનાની યરવડા જેલમાં ગાંધીજીએ આમરણાંત ઉપવાસ આદર્યા.
- મદનમોહન માલવિયા, ડૉ.રાજેન્દ્રપ્રસાદ, રાજગોપાલચારીના પ્રયાસોથી ગાંધીજી અને આંબેડકર વચ્ચે 26 સપ્ટેમ્બર, 1932ના રોજ પુનાકરાર થયા. તે મુજબ દલિતોના અલગ મતદારમંડળ રદ થયા અને કોમી ચુકાદામાં અપાયેલી 71 બેઠકોના સ્થાને 148 બેઠકો અનામત આપવામાં આવી.
- યુરોપમાં જર્મનીએ સપ્ટેમ્બર 1939માં પોલેન્ડ પર આક્રમણ કરતાની સાથે જ દ્વિતીય વિશ્વયુદ્ધની શરૂઆત થઈ.
- જર્મની વિરૂદ્ધ ઈંગ્લેન્ડે યુદ્ધની ઘોષણા કરી. વાઈસરોય લિનલિથગોએ હિંદના નેતાઓ કે કેન્દ્રીય ધારાસભાની સલાહ લીધા વિના ભારતને ઈંગ્લેન્ડના પક્ષે યુદ્ધમાં સામેલ કરી દીધું. તેથી ઓક્ટોબર 1939માં કોંગ્રેસના પ્રધાનમંડળોએ આઠેય પ્રાંતોમાંથી રાજીનામા આપી દીધા.

## ઓગસ્ટ ઓફર :

- ઓગસ્ટ 1940માં વાઈસરોયે જાહેર કર્યું કે યુદ્ધ પૂરું થયા પછી ભારતનું બંધારણ ઘડવા એક સમિતી નીમવામાં આવશે. યુદ્ધ દરમિયાન તેની કારોબારી સમિતિમાં તથા યુદ્ધ સલાહકાર સમિતિમાં નેતાઓની નીમવામાં આવશે.
- કોગ્રેસે અસ્વિકાર કર્યો.

## વ્યક્તિગત સત્યાગ્રહ :

- ગાંધીજીએ પ્રથમ વ્યક્તિગત સત્યાગ્રહી તરીકે વિનોબા ભાવે, દ્વિતીય જવાહરલાલ નહેરુ તથા તૃતીય સત્યાગ્રહી તરીકે બ્રહ્મદત્તની નિમણૂક કરી. 17મી ઓક્ટોબર, 1940ના રોજ વર્ધા નજીક પવનાર ગામે વિનોબાએ યુદ્ધવિરોધી ભાષણ આપીને વ્યક્તિગત સત્યાગ્રહની શરૂઆત કરી.

## ક્રિપ્સ મિશન :

- યુદ્ધ ભારતીય સરહદ નજીક આવી ગયું હતું. આથી ઈંગ્લેન્ડની સરકારે સર સ્ટેફર્ડ ક્રિપ્સને ભારતના નેતાઓને મનાવી લેવા કેટલીક દરખાસ્તો સાથે ભારત મોકલ્યા. (23 માર્ચ 1942)

દરખાસ્તો :

- યુદ્ધની સમાપ્તિ પછી ભારતને ડોમિનિયન સ્ટેટ્સ (સંસ્થાનિક સ્વરાજ્ય) ની પ્રાપ્તિ.
- બંધારણસભાની રચના કરવામાં આવશે.
- પ્રાંતોને નવું ઘડેલું બંધારણ સ્વીકાર્ય ન હોય તો પોતાનું અલગ બંધારણ ઘડવાનો અધિકાર
- દેશી રાજ્યોને પણ નવું બંધારણ ન સ્વીકારવાની છૂટ રહેશે.
- નવું બંધારણ ઘડાય ત્યાં સુધી બ્રિટિશ સરકાર સંરક્ષણની જવાબદારી નિભાવશે.
- આ દરખાસ્તો પરોક્ષ રીતે મુસ્લિમ લીગની પાકિસ્તાનની માંગણીઓ સ્વીકારવા જેવી હતી. પરિણામે કોંગ્રેસે તેનો અસ્વીકાર કર્યો.
- મુસ્લિમ લીગે પણ તે સ્વીકારી નહિ કારણ કે તેમાં પાકિસ્તાનની રચનાનો સ્પષ્ટ સ્વીકાર ન હતો.
- મહાત્મા ગાંધીએ આ દરખાસ્તોને પોસ્ટ ડેટેડ ચેક સાથે સરખાવી.
- એપ્રિલ 1942માં વડાપ્રધાન ચર્ચિલે આ દરખાસ્તોને પાછી ખેંચી લીધી.

## હિંદ છોડો આંદોલન (1942)

- 8 ઓગસ્ટ 1942ના રોજ મુંબઈના ગોવાળિયા ટેન્ક (મુક્તિમેદાન) માં મળેલી કોંગ્રેસ મહાસમિતિની બેઠકમાં હિંદ છોડો આંદોલનનો ઠરાવ પસાર કરવામાં આવ્યો.
- આ આંદોલનના ટેકામાં 'ગાંધીજીએ કરેંગે યા મરેંગે'નો નારો આપ્યો.
- 9 ઓગસ્ટની સવારે કોંગ્રેસના નેતાઓની ધરપકડ કરવામાં આવી. ગાંધીજીને પુનાના આગાખાન મહેલ અને કાર્યસમિતિના અન્ય સદસ્યોને અહમદનગરની જેલમાં લઈ જવામાં આવ્યા.
- પટણામાં સચિવાલય પર તિરંગો લહેરાવવાનો પ્રયાસ કરી રહેલા 7 વિદ્યાર્થીઓની ગોળી મારી હત્યા કરી નાખવામાં આવી.
- જયપ્રકાશ નારાયણ, રામમનોહર લોહિયા અને અરૂણ અસફાલી ભૂગર્ભમાં રહીને આંદોલનનું સંચાલન કરતા હતા. તેમણે નેપાળમાં આઝાદ રેડીયો સ્ટેશનનું ગઠન કર્યુ. (નોંધ: અમદાવાસમાં ગુજરાત કોલેજ પાસે ધ્વજ લઈને મોખરે ચાલતો વિનોદ કોનારીવાલા શહીદ થયો.)
- મુંબઈ, જમશેદપુર, અમદાવાદના મજૂરોએ હડતાળો પાડી. (અમદાવાદની 75 મિલોએ 105 દિવસની ગડતાળો પાડી)
- આંદોલનનો સર્વાધિક પ્રભાવ બંગાળ, બિહાર, ઉત્તરપ્રદેશ, મદ્રાસ અને મુંબઈમાં થયો. જ્યાં જનતાએ મોટા પ્રમાણમાં પોલીસસ્ટેશન, રેલ્વેસ્ટેશન, પોસ્ટઓફિસ, સરકારી કચેરીઓ પર હુમલાઓ કર્યા. બિહારમાં રેલવેને સર્વાધિક નુકસાન થયું.
- ધરપકડથી બચી ગયેલા કોંગ્રેસી નેતાઓએ આંદોલનને એક ગુપ્ત દસ્તાવેજ 'આંધ્ર સરક્યુલર' દ્વારા ચલાવ્યું.
- ઈ.સ.1942ના અંત સુધીમાં 60,000 વ્યક્તિઓને જેલમાં નાખી દેવાયા.
- આ આંદોલનમાં સામ્યવાદીઓ, મુસ્લિમલીગ, ઉદારવાદી દળ, અકાલી દળ, હિંદુ મહાસભાએ સહકાર આપ્યો ન હતો. ડૉ.આંબેડકર પણ આંદોલનના વિરોધી રહ્યા હતા.
- આંદોલન નિષ્ફળ ગયું હતું. જોકે આંદોલન દરમિયાન કોંગ્રેસના મોટાભાગના નેતાઓ જેલમાં હોવાથી પ્રજાએ સ્વયંભુ લડત ઉપાડી હતી. આથી સરકારને ખાતરી થઈ ગઈ હતી કે હવે વધારે સમય સુધી ભારતીયો અંગ્રેજ સત્તા ચલાવી લેશે નહિ.

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

## સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ તરફ પ્રયાણ

- જાપાનમાં રહેતા ક્રાંતિકારી રાસબિહારી બોઝે જાપાનમાં ટોકિયો મુકામે દક્ષિણ-પૂર્વના દેશોમાં રહેતા ભારતીયોના સહયોગથી 'ઈન્ડિયન ઈન્ડિપેન્ડસ લીગ' સંસ્થાની સ્થાપના કરી હતી. તેની અંતર્ગત 'આઝાદ હિંદ ફોજ' લશ્કરી પાંખ પણ 1942માં રચવામાં આવી હતી. કેપ્ટન મોહનસિંઘ તેના સેનાપતિ હતા.
- આ વ્યવસ્થામાં વિક્ષેપ ઉભો થતા સુભાષચંદ્ર બોઝને નેતૃત્વ સંભાળવા આપવામાં આવ્યું હતું.
- 21 ઓક્ટોબર, 1943ના રોજ સુભાષચંદ્રએ સિંગાપુરમાં સ્વતંત્રભારતની કામચલાઉ સરકાર (આરઝી હકુમતે આઝાદ હિંદ) ની સ્થાપના કરી જેને જાપાન, જર્મની ,ઈટાલી, ચીન સિયામ, બ્રહ્મદેશ, ફિલિપાઈન્સ કોએશિયા અને મંચુરિયા એમ નવ દેશોએ માન્યતા આપી.
- તેમણે ફોજને 'ચલો દિલ્હી' નું સૂત્ર આપ્યું. ઉપરાંત દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોનો પ્રવાસ કરીને 'તુમ મુઝે ખુન દો મૈ તુમ્હે આઝાદી દુંગા' જેવા નારા દ્વારા ત્યાંના ભારતીયોને આહવાન કર્યુ.
- આઝાદ હિંદ ફોજનું રાષ્ટ્રીય ગીત ટાગોરનું "જન ગણ મન", રાષ્ટ્રધ્વજ તરીકે કોંગ્રેસનો તિરંગો અને રાષ્ટ્રભાષા તરીકે હિંદીનો સ્વીકાર કરવામાં આવ્યો.
- કેપ્ટન લક્ષ્મી સ્વામીનાથન (સહગલ) ના નેતૃત્વમાં મહિલા ટુકડી 'ઝાંસી કે રાની લક્ષ્મીબાઈ' રેજીમેન્ટ બનાવાઈ હતી.
- જાપાન દ્વારા અંદમાન અને નિકોબાર ટાપુઓનો અધિકાર વચગાળાની સરકારને (આરજી હકુમત) સોંપવામાં આવ્યો. સુભાષચંદ્ર બોઝે ત્યાં તિરંગો લહેરાવીને આ ટાપુઓના નામ સ્વરાજ અને શહિદ રાખ્યા હતા.
- આઝાદ હિંદ ફોજનું વડુ મથક સિંગાપુરથી રંગુન (મ્યાનમાર) ખાતે ખસેડાયું.
- જાપાનની શરણાગતિ અને તબાહી અને આઝાદ હિંદ ફોજના સમર્પણ કર્યા પછી સુભાષચંદ્ર બોઝ બેંગકોક છોડીને વિમાન માર્ગે ટોકિયો જવા તેમના સાથીદાર હબીબ ઉર રહેમાન સાથે નીકળ્યા અને તેમનું રહસ્યમય મૃત્યુ થયું. (18 ઓગસ્ટ, 1945)

## વેવેલ યોજના:

- 4 જૂન 1945ના રોજ વાઈસરોય વેવેલ એક યોજના પ્રસ્તુત કરી જે મુજબ વાઈસરોયની કારોબારી પરિષદમાં કમાંડર ઈન ચીફ સિવાયના બધા સદસ્ય ભરતીય રહેશે. પરંતુ તે નિષ્ફળ ગઈ.

## નૌકાસેના-વિદ્રોહ

- ફેબ્રુઆરી 1946માં રોયલ ઈન્ડિયન નેવીના ' રેટિંગ્ઝ' તરીકે ઓળખાતા સિપાઈઓ અને અધિકારીઓએ વિદ્રોહ કર્યો.
- વિદ્રોહનું તાત્કાલિક કારણ નાવિકા વી.સી.દત્તની ગિરફતારી હતું જેણે 'તલવાર' જહાજની દિવાલ પર અંગ્રેજો ભારત છોડો લખ્યું હતું અને મુખ્ય કારણ નૌસેનામાં વંશીય ભેદભાવ હતું.
- વિદ્રોહીઓની મુખ્ય માંગણીઓ આઝાદ હિંદ ફોજના સૈનિકોનો કેદમાંથી છૂટકારો અને વંશીય ભેદભાવની સમાપ્તિ હતું.
- વિદ્રોહના સમર્થનમાં મુંબઈમાં 20 લાખ મજૂરોએ હડતાળ પાડી હતી. મુંબઈથી પ્રાંરભ થયેલો આ વિદ્રોહ કરાંચી અને મદ્રાસમાં પણ ફેલાયો.
- 25 ફેબ્રુઆરી 1946ના રોજ સરદાર પટેલ અને મહમદાલી ઝીણાના આહવાનથી વિદ્રોહ શાંત થયો.

## કેબિનેટ મિશન :

- બ્રિટિશ વડાપ્રધાન એટલીએ 19 ફેબ્રુઆરી 1946ના રોજ બંધારણસભાની સ્થાપના અને તત્કાલિન સમસ્યાઓ પર વિચાર-વિમર્શ કરવા માટે કેબિનેટ મિશન ભારત મોકલવાની ઘોષણા કરી હતી.
- 24 માર્ચ 1946ના રોજ કેબિનેટ મિશન દિલ્હી પહોંચ્યું. તેના સદસ્ય સ્ટેફર્ડ ક્રિપ્સ (અધ્યક્ષ), પેથિક લોરેન્સ (ભારત સચિવ), એ.વી.એલેકઝેડર (નૌસેનામંત્રી) હતા.
- 13 મે 1946ના દિવસે કેબિનેટ મિશને નીચે મુજબનો અહેવાલ આપ્યો.
- એક ભારતીય સંઘની સ્થાપના થશે જે દેશી રજવાડાઓ અને બ્રિટિશભારતના રાજ્યોથી બનેલો હશે. વિદેશિક બાબતો, રક્ષા અને સંચારવ્યવસ્થા કેન્દ્રીય સરકારને હસ્તક રહેશે.

## વચગાળાની સરકાર :

- ઈ.સ.1946માં બંધારણસભાના હેતુ માટે કેબિનેટ મિશન અંતર્ગત ચુંટણીઓ થઈ જેમાં કોંગ્રેસે 205 અને મુસ્લિમ લીગે 73બેઠકો પ્રાપ્ત કરી.
- ઓછી બેઠકો મળી હોવાથી મુસ્લિમ લીગે કેબિનેટ મિશન યોજનાનો અસ્વીકાર કર્યો અને 16 ઓગષ્ટ 1946ના દિવસે ને 'પ્રત્યક્ષ કાર્યવાહી દિવસ' **(Direct Action day)** મનાવ્યો. આ દિવસે હિંસાત્મક કોમી રમખાણો ફાટી નીકળ્યા.

- 2 સપ્ટેમ્બર 1946ના દિવસે નેહરુના નેતૃત્વમાં કોંગ્રેસની બહુમતિ ધરાવતી વચગાળાની સરકારે શપથ લીધી.
- 26 ઓક્ટોબર 1946ના રોજ વેવેલે મહમદ ઝીણાને સરકારમાં જોડાવવા મનાવ્યો પરંતુ મુસ્લિમ લીગે બંધારણ સભામાં અડચણો ઉભી કરી અને સસ્તી લોકપ્રિયતા પ્રાપ્ત કરવા માટે એક બજેટ રજૂ કર્યું.
- 9 ડિસેમ્બર 1946ના દિવસે બંધારણશભાની પ્રથમ બેઠક યોજાઈ. જેમાં મુસ્લિમ લીગ હાજર ન રહી.

## એટલીની ઘોષણા

- બ્રિટનના વડાપ્રધાન લોર્ડ કલેમેન્ટ એટલીએ 20 ફેબ્રુઆરી 1947ના રોજ ઐતિહાસિક ઘોષણા કરી હતી કે અંગ્રેજ સત્તા જૂન 1948 પહેલા જવાબદાર લોકોને સત્તા સોંપીને ભારત છોડી દેશે.
- એટલીએ વેવેલના સ્થાને લોર્ડ માઉન્ટબેટનની ભારતના વાયસરોય તરીકે નિયુક્ત કરી.

## માઉન્ટ બેટન યોજના:

- 3 જૂન 1947ના દિવસે માઉન્ટ યોજના પ્રસ્તુત કરી.
- ભારતનું વિભાજન ભારત અને પાકિસ્તાનમાં કરવામાં આવશે. બન્ને દેશ પોતાનું બંધારણ તૈયાર કરશે.
- ડૉ.અબુલ કલામ આઝાદ, ખાન અબ્દુલ ગફારખાન અને પુરૂષોત્તદાસ ભાગલાના વિરોધમાં રહ્યા હતા.
- 14 ઓગષ્ટ , 1947ના દિવસે પાકિસ્તાન આઝાદ થયું. મહમદઅલી ઝીણા પાકિસ્તાનના ગવર્નર જનરલ અને લિયાકત અલીખાન વડાપ્રધાન બન્યા.
- 15 ઓગષ્ટ, 1947ના રોજ ભારત આઝાદ થયું અને માઉન્ટબેટન ભારતના ગવર્નર જનરલ અને જવાહરલાલ નહેરુ વડાપ્રધાન બન્યા.

| બળવાઓ | ક્ષેત્ર | નેતા | સમયગાળો |
|---|---|---|---|
| સંન્યાસી-વિદ્રોહ | બંગાળ, બિહાર | કેન્દ્રસરકાર | 1760-1800 |
| ફકીર-વિદ્રોહ | બંગાળ | મજનુનશાહ, ચિરાગાલી | 1776-77 |
| પોલીગરોનો બળવો | તમિલનાડુ | વીર.પી.કાટ્ટાવામ્માન | 1799-01 |
| ભીલોનો બળવો | પશ્ચિમઘાટ | સેવારામ | 1825-31 |
| રામોસી-વિદ્રોહ | પશ્ચિમઘાટ | ચતરસિંહ | 1822-29 |
| પાગલપંથી-વિદ્રોહ | અસમ | ગોમધર કુંવર | 1828 |
| વહાબી આંદોલન | બિહાર, ઉત્તરપ્રદેશ | સૈયદ અહમદ | 1831 |
| કોલ-આંદોલન | છોટા નાગપુર | ગોમધર કુંવર | 1831-32 |
| ખાસી-વિદ્રોહ | અસમ | તીરતસિંહ | 1833 |
| ફરાયજી-આંદોલન | બંગાળ | શરીયાતુલ્લા દૂદૂમિયા | 1838-48 |
| નિલ-વિદ્રોહ | બંગાળ,બિહાર | તિરૂતસિંહ | 1852-54 |
| સંથાલ-વિદ્રોહ | બંગાળ,બિહાર | સિદ્ધુ કાન્હા | 1855-56 |
| મુંડા-વિદ્રોહ | બિહાર | બિરસા મુંડા | 1899-1900 |
| નીલ-આંદોલન | બંગાળ | દિગમ્બર | 1859-60 |
| મોપલા-વિદ્રોહ | માલાબાર | અલી મુમલિયાર | 1920-22 |
| કુકા-આંદોલન | પંજાબ | ભગત જવાહરમલ, રામસિંહ | |
| રામપા-વિદ્રોહ | આંધ્રપ્રદેશ | સીતારામ રાજુ | 1879-1922 |
| તેલંગાણા-આંદોલન | આંધ્રપ્રદેશ | - | 1946 |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872